કેસ રજૂ. તા. :- ૧૧/૧૦/૨૦૧૨
કેસ રજી. તા. :- ૧૧/૧૦/૨૦૧૨
કેસ ફેંસલ તા. :- ૨૦/૦૮/૨૦૨૫
સમયગાળો :- વર્ષ માસ દિવસ
૧૨ ૧૦ ૦૯

વલસાડના મહે. બીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વલસાડ.

સ્પે.દિ.મુ.નં.૧૪૯/૨૦૧૨
આંક : ૨૧૧

વાદી : શ્રી આશિષભાઈ અરવિંદભાઈ દેસાઈ
ઉ.આ.વ.૪૪, ધંધો : નોકરી
રહે : વૈશાલી પાર્ક, કૈલાસ રોડ,
પારડી સાંઢપોર, તા.જી.વલસાડ

:: વિરૂધ્ધ ::

પ્રતિવાદી : (૧) મર્હુમ અરવિંદભાઈ છોટુભાઈ દેસાઈના કાયદેસરના વારસદાર,
ઉ.આ.વ.૭૨, ધંધો : નિવૃત્તી
રહે : રૂમ નં.૯૦૩, નવમા માળે, શ્રીજી ટાવર,
ઓરીએન્ટલ બેંકની બાજુમાં, મોટા બજાર રોડ, તા.જી.વલસાડ

૧/૧ સુધાબેન અરવિંદભાઈ દેસાઇ,
ઉ.આ.વ.૭૨, ધંધો : ઘરકામ
રહે : ફ્લેટ નં.૧૦૮, માનસરોવર એપાર્ટમેન્ટ, નિર્મલ નગર કૈલાસ રોડ,
પારડી, સાંઢપોર, વલસાડ, તા.જી.વલસાડ

(૨) શ્રી કિરીટભાઈ અરવિંદભાઈ દેસાઇ,
ઉ.આ.વ.૪૮, ધંધો : નોકરી
રહે : દેસાઈ વાડ, અબ્રામા, તા.જી.વલસાડ

(૩) શ્રીમતી નીતાબેન જતીનભાઈ દેસાઇ,
ઉ.આ.વ.૪૬, ધંધો : ઘરકામ
રહે : ૧૦૨, મેઘ ગંગા એપાર્ટમેન્ટ, તીન બત્તી,
ક્રિકેટના મેદાન ગોપીપુરા, કાઝીની વાડી, સુરત

(૪) ઉમેદસિંહ જીવણજી ઠાકોર,
ઉ.આ.વ.૬૪, ધંધો : હાર્ડવેરની દુકાન
રહે : કોચવાડા, તા.જી.વલસાડ

(૫) અનીલ ઉમેદસિંહ ઠાકોર,
ઉ.આ.વ.૪૦, ધંધો : ખેતી/હાર્ડવેરની દુકાન
રહે : કોચવાડા, તા.જી.વલસાડ

(૬) માધુભાઈ ચુનીલાલ ત્રિવેદી,
ઉ.આ.વ.૫૦, ધંધો : રેસ્ટોરન્ટ
રહે : કલવાડા ચાર રસ્તા, તા.જી.વલસાડ

(૭) મોતીરામ રઘાજી ચૌધરી,

ઉ.આ.વ.૪૦, ધંધો : અનાજ કિરાણાની દુકાન
રહે : કલવાડા ચાર રસ્તા, તા.જી.વલસાડ

(૮) પ્રકાશભાઈ ચુનીલાલ ત્રિવેદી,
ઉ.આ.વ.૪૭, ધંધો : ફ્રુટસલાડ, દાબેલી, ભેલ
રહે : કલવાડા ચાર રસ્તા, તા.જી.વલસાડ

(૯) ઈશ્વરભાઈ ભેકાભાઈ પટેલ,
ઉ.આ.વ.૪૪, ધંધો : ટી.વી. રીપેરીંગ
રહે : ચોબડીયા, પો.અટગામ, તા.જી.વલસાડ

(૧૦) કિરીટભાઈ મનુભાઈ પટેલ,
ઉ.આ.વ.૪૪, ધંધો : ઈલેક્ટ્રીક રીપેરીંગ, મંડપ લાઈટીંગ
રહે : હરસિધ્ધી કોમ્પલેક્ષ, કલવાડા ચાર રસ્તા, તા.જી.વલસાડ

(૧૧) કેતનકુમાર કાન્તિલાલ મોતા,
ઉ.આ.વ.૩૬, ધંધો : મેડીકલ સ્ટોર, મોબાઈલ રીચાર્જ
રહે : હરસિધ્ધી કોમ્પલેક્ષ, કલવાડા ચાર રસ્તા, તા.જી.વલસાડ

(૧૨) જયેશકુમાર કાન્તિલાલ મોતા,
ઉ.આ.વ.૩૨, ધંધો : મોબાઈલ રીપેરીંગ, જનરલ સ્ટોર્સ
રહે : હરસિધ્ધી કોમ્પલેક્ષ, કલવાડા ચાર રસ્તા, તા.જી.વલસાડ

(૧૩) મયુરકુમાર કિશોરભાઈ મ્યાનગર,
ઉ.આ.વ.૨૪, ધંધો : રેડીમેઈડ સ્ટોર, ટ્રાવેલીંગ
રહે : હરસિધ્ધી કોમ્પલેક્ષ, કલવાડા ચાર રસ્તા, તા.જી.વલસાડ

(૧૪) ઝીણાભાઈ બાલુભાઈ આહીર,
ઉ.આ.વ.૫૫, ધંધો : નોકરી
રહે : કલવાડા, ચાર રસ્તા, તા.જી.વલસાડ

(૧૫) રણછોડભાઈ બાલુભાઈ આહીર,
ઉ.આ.વ.૪૮, ધંધો : નોકરી
રહે : કલવાડા, ચાર રસ્તા, તા.જી.વલસાડ

(૧૬) શ્રી અશરફભાઈ હુસેનભાઈ શેખ,
ઉ.આ.વ.૪૬, ધંધો : ખેતી
રહે : તાલીમ કેન્દ્ર પાસે, મુ.પો.અટગામ, તા.જી.વલસાડ

(૧૭) શ્રી રણધીરકુમાર ગુણવંતરાય મૈસુરીયા,(હિન્દુ વાળંદ)
ઉ.આ.વ.૪૫, ધંધો : વેપાર
રહે : બજાર સ્ટ્રીટ, મુ.પો.અટગામ, તા.જી.વલસાડ

દાવો:– **<u>રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરવા તથા કાયમી મનાઈ હુકમની દાદ મેળવવા માટે.</u>**

વાદી તરફે વિદ્વાન વકીલશ્રી એન.વી.મસરાણી
પ્રતિવાદી નં.૧,૨ તરફે વિદ્વાન વકીલશ્રી જે.એલ.ગાંધી
પ્રતિવાદી નં.૩ તરફે– કોઇ નથી.
પ્રતિવાદી નં.૪ થી ૮ તથા ૧૦ થી ૧૩ તરફે વિદ્વાન વકીલ શ્રી એસ.બી.શેખ
(પ્રતિવાદી નં.૬ થી ૮ તથા ૧૦ થી૧૩ તરફે પાછળથી દલીલોના તબક્કે છૂટા થઇ ગયેલ છે.)

પ્રતિવાદી નં.૯ થી૧૨,૧૪,૧૫ તરફે વિદ્વાન વકીલ શ્રી વી.એન.પટેલ પ્રતિવાદી નં.૧૭ તરફે – કોઇ નથી.

:: ચૂકાદો ::

(૧) વાદીની દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી ઉપરોક્ત જણાવેલ સરનામે તેઓના કુંટુંબીજનો સાથે રહે છે. પ્રતિવાદી નં.૧ વાદીના પિતાશ્રી છે. પ્રતિવાદી નં.૨ વાદીના સગા ભાઈ છે. પ્રતિવાદી નં.૩ વાદીની સગી બહેન છે. વાદીના સગા કાકા નામે મનુભાઈ હયાત નથી. તેઓ બીલીમોરા મુકામે રહેતા હતા. આ ઉપરાંત વાદીના પિતરાઈ ભાઈ હેમંતભાઈ છે. જેઓ હયાત છે. સુરત મુકામે રહે છે.

મોજે ગામ કલવાડા, તા.જી.વલસાડ મુકામે મૂળ સર્વે નંબરો ૮૭/૧, ૮૭/૩, ૧૩૭/૨, ૧૪૧/૧, ૧૪૧/૨, ૧૪૧/૩, ૧૪૬/૨/બ, ૧૪૬/૩, ૧૪૬/૪, ૧૪૬/૫ વાળી ખેતી વિષયક જમીનો વાદીના દાદા નામે છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈના એકલાના નામે સને ૧૯૭૪ ના વર્ષ અગાઉ રેકર્ડ દફતરે ચાલતી હતી. આ તમામ ખેતી વિષયક જમીનોનું એકત્રીકરણ સને ૧૯૭૪ ના વર્ષમાં થતા આ તમામ જમીનોના નવા બ્લોક નંબર આપવામાં આવેલા કે જે ૧૮૭, ૧૪૪, ૨૯૭, ૩૦૫ છે. આ તમામ હકીકતોની નોંધ જમીનના રેકર્ડ દફતરે તા.૧૬.૦૧.૧૯૭૪ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૨૨૧૨ માં જણાવવામાં આવી છે. આ ફેરફાર નોંધ નં.૨૨૧૨ સક્ષમ મહેસૂલ અધિકારીએ કાયદેસર રીતે મંજૂર કરેલી હતી અને છે.

વાદીના દાદા છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈનું તા.૦૭.૦૩.૧૯૮૩ ના રોજ અવસાન થતાં આ તમામ બ્લોક નંબરવાળી જમીનોમાં વાદીના દાદાના બે પુત્રો નામે (૧) મનુભાઈ છોટુભાઈ દેસાઈ (૨) અરવિંદભાઈ છોટુભાઈ દેસાઈ અને એક પુત્રી નીરૂબેન છોટુભાઈ દેસાઈના નામો કાયદેસરના વારસદારો તરીકે તા.૨૩.૦૫.૧૯૮૩ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૩૧૭૧ થી દાખલ કરવામાં આવેલા હતા અને છે. આ ફેરફાર નોંધ નં.૩૧૭૧ સક્ષમ મહેસૂલ અધિકારીએ તા.૨૬.૦૭.૧૯૮૩ ના રોજ કાયદેસર રીતે મંજૂર કરેલી હતી અને છે.

ત્યારબાદ વાદીના ફોઈ નીરૂબેન છોટુભાઈ દેસાઈનું તા.૨૮.૧૦.૧૯૮૬ ના રોજ અવસાન થતા ઉપરોક્ત જણાવેલ જમીનોના રેકર્ડ દફતરે તેમનુ નામ તા.૦૭.૦૧.૧૯૯૮ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૪૨૭૪ થી કમી કરવામાં આવેલું અને તેમના કાયદેસરના વારસદાર તરીકે વાદીના પિતરાઈ ભાઈ હેમંતભાઈ નવીનભાઈ દેસાઈ તથા વાદીના પિતરાઈ બહેન (૧) રીટાબેન વિજયભાઈ દેસાઇ, (૨)દક્ષાબેન મુકેશભાઈ વશી, (૩) બીનાબેન દેવાંગભાઈ દેસાઈના નામો દાખલ કરવામાં આવેલ હતા અને છે. આ ફેરફાર નોંધ નં.૪૨૭૪ સક્ષમ મહેસૂલ અધિકારીએ તા.૧૫.૧૦.૧૯૯૮ ના રોજ કાયદેસર રીતે પ્રમાણિત કરેલી હતી અને છે.

ત્યારબાદ વાદીની ત્રણ પિતરાઈ બહેનોએ ઉપરોક્ત જમીનોમાંથી પોતાનો હક્ક અને હિસ્સો ઉઠાવી લેતા ઉપરોક્ત જમીનોના રેકર્ડ દફતરે તેમના નામો તા.૧૩.૦૭.૧૯૯૮ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૪૨૭૫ થી કમી કરવામાં આવેલ. આ ફેરફાર નોંધ નં.૪૨૭૫ સક્ષમ મહેસૂલ અધિકારીએ તા.૧૫.૧૦.૧૯૯૮ ના રોજ કાયદેસર રીતે પ્રમાણિત કરેલી હતી અને છે.

ત્યારબાદ ઉપરોક્ત તમામ જમીનોના રેકર્ડ દફતરે પ્રતિવાદી નં.૧ તથા વાદીના કાકા તથા હેમંતભાઈના નામો રહેલા. જેથી પ્રતિવાદી નં.૧ તથા વાદીના કાકાએ ઉપરોક્ત તમામ જમીનોની વહેંચણી કરેલી. આ વહેંચણી મુજબ પ્રતિવાદી નં.૧ તથા વાદીના કાકા મનુભાઈ છોટુભાઈ દેસાઈ ના નામે બ્લોક સર્વે નં.૧૮૭, ૧૪૪ અને ૩૦૫ વાળી ખેતી વિષયક જમીનો આવેલી અને વાદીના પિતરાઈ ભાઈ હેમંતભાઈ નવીનભાઈ દેસાઈના નામે બ્લોક સર્વે નં.૨૯૭ વાળી જમીન ગયેલી. આ તમામ હકીકતોની નોંધ આ તમામ જમીનોના રેકર્ડ દફતરે તા.૧૪.૦૭.૧૯૯૮ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૪૨૭૬ માં જણાવી છે. આ ફેરફાર નોંધ નં.૪૨૭૬ સક્ષમ મહેસૂલ અધિકારી એ તા.૧૫.૧૦.૧૯૯૮ ના રોજ કાયદેસર રીતે પ્રમાણિત કરેલી હતી અને છે.

ત્યારબાદ વાદીના કાકા મનુભાઈ છોટુભાઈ દેસાઈએ તેમના તથા પ્રતિવાદી નં.૧ ના સંયુક્ત હિસ્સે સહ માલિકો તરીકે આવેલ બ્લોક નં.૧૮૭, ૧૪૪, ૩૦૫ વાળી જમીનોમાંથી પોતાનો હક્ક, હિસ્સો ઉઠાવી લેતાં આ તમામ જમીનોના રેકર્ડ દફતરે પ્રતિવાદી નં.૧ નું નામ ચાલુ રહેલુ. આ હકીકતની નોંધ આ જમીનોના રેકર્ડ દફતર તા.૧૪.૦૭.૧૯૯૮ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૪૨૭૭ માં કરવામાં આવી છે. આ ફેરફાર નોંધ નં.૪૨૭૭ સક્ષમ મહેસૂલ અધિકારીએ કાયદેસર રીતે પ્રમાણિત કરેલી હતી અને છે.

ઉપર જણાવેલ તમામ વિગતો જોતાં બ્લોક નં.૧૮૭, ૧૪૪ અને ૩૦૫ વાળી જમીનોમાં પ્રતિવાદી નં.૧ નાનો વારસાઈ હક્ક દાખલ થયેલ હતો અને છે. તે સ્પષ્ટ છે. વિશેષ્ટા આ તમામ જમીનો વડીલોપાર્જીત હતી અને છે તે પણ સ્પષ્ટ છે. વાદીના મર્હુમ દાદા છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈના કાયદેસરના પુત્ર તરીકે આ જમીનોમાં વાદીનો વણ વહેંચાયેલો હક્ક હિસ્સો ચાલી આવેલો છે.

ત્યારબાદ સને–૨૦૦૦ ના વર્ષમાં વાદી હરિદ્વાર મુકામે નોકરી કરવા ગયેલા અને વાદી સને ૨૦૧૦ ની સાલમાં પરત આવેલા. વાદીના પિતાશ્રીએ વાદી તથા વાદીના કુટુંબને આશરે છ મહિના અગાઉ કાઢી મૂક્યા બાદ આ તમામ જમીનોના રેવન્યુ રેકર્ડ અને અન્ય પુરાવાના કાગળો વાદીએ મેળવેલ હોવાથી ઉપર જણાવેલ તમામ હકીકતોની જાણ વાદીને થયેલી છે. વાદી સને ૨૦૦૦ થી ૨૦૧૦ ના વર્ષ સુધી એન્કર કંપનીની હરિદ્વાર મુકામે આવેલ કંપનીમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન પ્રતિવાદી નં.૧ નાએ વાદીની જાણ બહાર બ્લોક સર્વે નં.૧૪૪ વાળી જમીન બીન ખેતીમાં ફેરવવા માટે અરજી કરેલી. જેથી તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત કચેરી, વલસાડનાએ

પોતાના તા.૦૩.૦૩.૨૦૦૧ના હુકમ નં.તા.પ.એન.એ.રજી./૪૬/૨૦૦૦–૨૦૦૧થી બિનખેતી માં ફેરવેલ હતી. આ બિન ખેતીના હુકમનો ફેરફાર નોંધ નં.૪૪૬૭ તા.૨૮.૦૩.૨૦૦૧ ના રોજ પાડવામાં આવેલ છે. સક્ષમ મહેસૂલ અધિકારીએ તા.૩૦.૦૪.૨૦૦૧ ના રોજ પ્રમાણિત કરેલી હતી અને છે. આ ઉપરાંત તપાસ કરતા વાદીને હાલ જાણવા મળેલ છે કે બ્લોક નં.૧૪૪ વાળી બિન ખેતીની કુલ ૨૦૩૪ ચો.મી. જમીન પૈકી ૧૩૧૫ ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન વાદીની જાણ બહાર પ્રતિવાદી નં.૪ અને ૫ નાને ગેર કાયદેસર રીતે વેચાણ કરી દીધેલ છે અને આ ગેરકાયદેસરના વેચાણ વહેવાર બાબતે બ્લોક નં.૧૪૪વાળી જમીનના રેકર્ડ દફતરે તા.૨૭.૦૩.૨૦૦૧ ના રોજ ફેરફાર નોંધ નં.૪૪૫૬ પાડવામાં આવી છે અને જે ફેરફાર નોંધ નં.૪૪૫૬ સક્ષમ મહેસૂલ અધિકારીશ્રીએ વાદીની જાણ બહાર તા.૨૭.૦૭.૨૦૦૧ ના રોજ ગેર કાયદેસર રીતે પ્રમાણિત કરેલી છે. આ ઉપરાંત પ્રતિવાદી નં.૧ નાએ વાદીની જાણ બહાર બ્લોક નં.૧૪૪ વાળી બિનખેતીની જમીન પૈકી ૦૦–હે.૦૪ આરે–૦૪ ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન તા.૦૪.૧૨.૨૦૦૭ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૫૧૭૧ થી રૂ.૧,૨૫,૦૦૦/– ના વેચાણ અવેજમાં પ્રતિવાદી નં.૬ અને ૭ નાને ગેરકાયદેસર રીતે વેચાણ કરી દીધી છે. આ ગેર કાયદેસરના વેચાણ બાબતે તા.૧૪.૦૯.૨૦૧૦ ના રોજ ૫૨૩૬ નંબરની ફેરફાર નોંધ પાડવામાં આવેલી. જે સક્ષમ અધિકારીએ તા.૦૭.૧૨.૨૦૧૦ ના રોજ રદ કરેલ હોવા છતાં પાછળથી તા.૦૬.૦૩.૨૦૧૧ ના રોજ નવી ફેરફાર નોંધ નં.૫૩૦૪ થી ગેરકાયદેસર રીતે પાડવામાં આવી છે અને જે સક્ષમ અધિકારીએ ગેરકાયદેસર રીતે પ્રમાણિત કરી લીધેલ છે. વિશેષમાં પ્રતિવાદી નં.૧ એ બ્લોક નં.૧૪૪ વાળી બિન ખેતીની કુલ જમીન પૈકી ૨૫૦ ચો.મી. વાળી જમીન વાદીની જાણ બહાર તા.૧૭.૦૫.૨૦૧૨ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૬૧૨ થી રૂ.૭૦,૦૦૦/– ના વેચાણ અવેજમાં પ્રતિવાદી નં.૬ થી ૧૩ નાને ગેરકાયદેસર વેચાણ કરેલ છે. આ ગેરકાયદેસર વેચાણ બાબતે બ્લોક નં.૧૪૪ વાળી જમીનના રેકર્ડ દફતરે તા.૧૭.૦૭.૨૦૧૨ ના રોજ ફેરફાર નોંધ નં.૫૪૬૭ ગેરકાયદેસર રીતે પાડવામાં આવી છે. જે વાદીની ઉત્તમ જાણ અને માહિતિ મુજબ સક્ષમ મહેસૂલ અધિકારીએ પ્રમાણિત કરેલ નથી.

આ દાવો જે મિલકતો માટે કરવામાં આવ્યો છે. તે પૈકી બ્લોક નં.૧૪૪ વાળી જમીનનું વિગતવાર વર્ણન આ દાવાના છેડે પરિશિષ્ટ–૧ હેઠળ કરવામાં આવ્યુ છે અને હવે સગવડતા ખાતર તે મિલકતને આ દાવામાં પરિશિષ્ટ–૧ વાળી મિલકત તરીકે વર્ણવી છે. તે જ રીતે બ્લોક નં.૧૮૭ વાળી જમીનનું વિગતવાર વર્ણન આ દાવાના છેડે પરિશિષ્ટ–૨ હેઠળ કરવામાં આવ્યુ છે અને હવે સગવડતા ખાતર તે મિલકતને આ દાવામાં પરિશિષ્ટ–૨ વાળી મિલકત તરીકે વર્ણવી છે. તે જ રીતે બ્લોક નં.૩૦૫ વાળી જમીનનું વિગતવાર વર્ણન આ દાવાના છેડે પરિશિષ્ટ–૩ હેઠળ કરવામાં આવ્યુ છે અને હવે સગવડતા ખાતર તે મિલકતને આ દાવામાં પરિશિષ્ટ–૩ વાળી મિલકત તરીકે

વર્ણવી છે. તે જ રીતે બાકી રહેતી ૯૬૫ ચો.મી. બ્લોક નં.૧૪૪ વાળી જમીનનું વિગતવાર વર્ણન આ દાવાના છેડે પરિશિષ્ટ–૪ હેઠળ કરવામાં આવ્યુ છે અને હવે સગવડતા ખાતર તે મિલકતને આ દાવામાં પરિશિષ્ટ–૪ વાળી મિલકત તરીકે વર્ણવી છે.

હવે ઉપર જણાવેલ તમામ વિગતો જોતાં પરિશિષ્ટ–૧, પરિશિષ્ટ–૨, પરિશિષ્ટ–૩ વાળી જમીનો વડીલોપાર્જીત હોવા છતાં પરિશિષ્ટ–૧ વાળી મિલકત સંબંધે જે ગેરકાયદેસરના વેચાણ વ્યવહાર પ્રતિવાદી નં.૧ નાએ કરેલ છે તે રદબાતલ ઠરાવવા આ દાવો કરવાની જરૂર પડી છે. આ ઉપરાંત પરિશિષ્ટ–૨ અને પરિશિષ્ટ–૩ વાળી મિલકતો તેમજ બ્લોક નં.૧૪૪ વાળી બિનખેતીની બાકીની જમીન એટલે કે પરિશિષ્ટ–૪ વાળી મિલકતો પ્રતિવાદી નં.૧ ના હસ્તે પરહસ્તે અન્ય કોઈને કોઈ પણ પ્રકારે વેચાણ, ગીરો કે બક્ષીસથી કે અન્ય કોઈ રીતે હસ્તાંતર કરે, કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા આ દાવો દાખલ કરવાની જરૂર પડી છે. આ ઉપરાંત પ્રતિવાદી નં.૧ નાએ બ્લોક નં.૩૦૫ વાળી જમીન વાદીની જાણ બહાર ગેરકાયદેસર રીતે તા.૧૧.૦૭.૨૦૧૨ ના રોજ ગેરકાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૫૬૨/૨૦૧૨ થી રૂા.૧,૫૦,૨૪૯/– ના અવેજમાં પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ ના નામે વેચાણ કરેલ છે. આ વેચાણ વ્યવહારમાં નોંધ નં.૫૪૬૩ તા.૧૨.૦૭.૨૦૧૨ ના રોજ પાડવામાં આવી છે. જે વાદીની ઉત્તમ જાણ અને માહિતી મુજબ પ્રમાણિત કરેલ નથી. આ ઉપરાંત પ્રતિવાદી નં.૧ નાએ બ્લોક નં.૧૮૭ વાળી જમીન વાદીની જાણ બહાર ગેરકાયદેસર રીતે તા.૧૧.૦૭.૨૦૧૨ ના રોજ ગેરકાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૫૬૩/૨૦૧૨ થી રૂા.૬૬,૭૫૯/–ના અવેજમાં પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ ના નામે વેચાણ કરેલ છે. આ વેચાણ વ્યવહારમાં નોંધ નં.૫૪૬૪ તા.૧૨.૦૭.૨૦૧૨ ના રોજ પાડવામાં આવી છે. જે વાદીની ઉત્તમ જાણ અને માહિતી મુજબ પ્રમાણિત કરેલ નથી. હવે ગેરકાયદેસર રીતે પ્રતિવાદીઓને વેચાણ કરવામાં આવેલ મિલકત તેઓ અન્યને વેચાણ કરનાર છે. તેવી ધમકી પ્રતિવાદીઓએ આપેલ છે. જેથી ઉપરોક્ત તમામ સંજોગોને આધિન ઉપર જણાવેલ તમામ વેચાણ વ્યવહારો ગેરકાયદેસરના હોવાથી તેમજ આ ગેરકાયદેસરના વેચાણ વ્યવહારોની આનુષંગિક પાડવામાં આવેલ ફેરફાર નોંધો ગેરકાયદેસર હોવાથી આ તમામ ગેરકાયદેસરના વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તેમજ ગેરકાયદેસર પાડવામાં આવેલી તમામ ફેરફાર નોંધો વાદીને બંધનકર્તા નથી. તેવી જાહેરાત મેળવવા તેમજ ઉપરોક્ત વર્ણવેલ પ્રતિવાદીઓને ગેરકાયદેસર વેચાણ કરવામાં આવેલ તમામ મિલકતો તેઓ અન્ય કોઇને વેચાણ, ગીરો કે બક્ષિસથી કે અન્ય કોઈ રીતે હસ્તાંતર કરે કરાવે નહી તેવો કાયમી સ્વરૂપનો મનાઈ હુકમ મેળવવા આ દાવો કરવાની જરૂર પડી છે.

આ દાવાનું કારણ સૌ પ્રથમ ઉપરની વિગતે તા.૨૭.૦૭.૨૦૦૧, તા.૦૪.૧૨.૨૦૦૭, તા.૦૭.૧૨.૨૦૧૦, તા.૧૭.૦૫.૨૦૧૨, તા.૧૧.૦૭.૨૦૧૨, તા.૧૨.૦૭.૨૦૧૨, તા.૧૭.૦૭.૨૦૧૨ ના રોજનું બનેલુ ગણ્યુ છે.

સબબ વાદીએ દાવા અરજીના પેરા નં.૧૬ માં અરજ કરેલ છે કે,

(૧) દાવાવાળી તમામ મિલકતો વડીલોપાર્જીત છે અને થયેલા તમામ વેચાણ વ્યવહારો ગેરકાયદેસર કરવામાં આવેલ છે. તેવું જાહેરાતનું હુકમનામુ વાદીના લાભમાં ન્યાયના હિતમાં કરી આપવા તથા

(૨) મોજે ગામ કલવાડા, તા.જી.વલસાડ મુકામે આવેલ બ્લોક નં.૧૪૪ વાળી બિનખેતીની જમીન પૈકી ૧૩૧૫ ચો.મી.વાળી જમીન જે પ્રતિવાદી નં.૧ ના એ પ્રતિવાદી નં.૪ અને ૫ નાને તા.૧૫.૦૩.૨૦૦૧ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૫૯૦ થી રૂ.૬૬,૦૦૦/– ના અવેજમાં કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરવા તેમજ પ્રતિવાદી નં.૪ અને ૫ ના પરિશિષ્ટવાળી મિલકત અન્ય કોઈને પણ વેચાણ ગીરો કે બક્ષીસ કે અન્યથા હસ્તાંતર કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદી નં.૪ અને ૫ વિરૂધ્ધ ન્યાયના હિતમાં ફરમાવવા દાદ માંગેલ છે.

(૩) મોજે ગામ કલવાડા, તા.જી.વલસાડ મુકામે આવેલ બ્લોક નં.૧૪૪ વાળી બિનખેતીની જમીન પૈકી ૪૦૪ ચો.મી. વાળી જમીન જે પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૬ અને ૭ નાને તા.૦૪.૧૨.૨૦૦૭ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૫૧૭૧ થી રૂ.૧,૨૫,૦૦૦/– ના અવેજમાં કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરવા તેમજ પ્રતિવાદી નં.૬ અને ૭ ના પરિશિષ્ટવાળી મિલકત અન્ય કોઈને પણ વેચાણ ગીરો કે બક્ષિસ કે અન્યથા હસ્તાંતર કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદી નં.૬ અને ૭ વિરૂધ્ધ ન્યાયના હિતમાં ફરમાવવા દાદ માંગેલ છે.

(૪) મોજે ગામ કલવાડા, તા.જી.વલસાડ મુકામે આવેલ બ્લોક નં.૧૪૪ વાળી બિનખેતીની જમીન પૈકી ૨૫૦ ચો.મી.વાળી જમીન જે પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૬ થી ૧૩ નાને તા.૧૭.૦૫.૨૦૧૨ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૬૧૨ થી રૂ.૭૦,૦૦૦/– ના અવેજમાં કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરવા તેમજ પ્રતિવાદી નં.૬ થી ૧૩ ના પરિશિષ્ટવાળી મિલકત અન્ય કોઈને પણ વેચાણ, ગીરો કે બક્ષિસ કે અન્યથા હસ્તાંતર કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદી નં. ૬ થી ૧૩ વિરૂધ્ધ ન્યાયના હિતમાં ફરમાવવા દાદ માંગેલ છે.

(૫) મોજે ગામ કલવાડા, તા.જી.વલસાડ મુકામે આવેલ બ્લોક નં.૩૦૫ વાળી બિનખેતીની જમીન પૈકી ૪૪૫૩ ચો.મી. વાળી જમીન જે પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ નાને તા.૧૧.૦૭.૨૦૧૨ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૫૬૨/૨૦૧૨ થી રૂ.૧,૬૦,૦૦૦/– ના અવેજમાં કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરવા તેમજ પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ ના પરિશિષ્ટવાળી મિલકત અન્ય કોઈને પણ વેચાણ ગીરો કે બક્ષિસ કે અન્યથા હસ્તાંતર કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ વિરૂધ્ધ ન્યાયના હિતમાં ફરમાવવા દાદ માંગેલ છે.

(૬) મોજે ગામ કલવાડા, તા.જી.વલસાડ મુકામે આવેલ બ્લોક નં.૧૮૭ વાળી બિન ખેતીની

જમીન પૈકી ૨૦૨૩ ચો.મી. વાળી જમીન જે પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ નાને તા.૧૧.૦૭.૨૦૧૨ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૫૬૩/૨૦૧૨ થી રૂા.૭૫,૦૦૦/– ના અવેજમાં કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરવા તેમજ પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ ના પરિશિષ્ટવાળી મિલકત અન્ય કોઈને પણ વેચાણ ગીરો કે બક્ષિસ કે અન્યથા હસ્તાંતર કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદી નં.૧૪ અને ૧૫ વિરૂધ્ધ ન્યાયના હિતમાં ફરમાવવા દાદ માંગેલ છે.

(૭) ફેરફાર નોંધ નં.૪૪૫૬, ૫૩૦૪, ૫૪૬૭, ૫૪૬૩, ૫૪૬૪ વાદીને બંધનકર્તા નથી. તેવું જાહેરાતનું હુકમનામુ વાદીના લાભમાં કરી આપવા દાદ માંગેલ છે.

(૮) બ્લોક નં.૧૪૪ વાળી બિનખેતીની જમીન પૈકી ૯૬૫ ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન પર પ્રતિવાદી નં.૧૬ અને ૧૭ નાઓ કોઈપણ પ્રકારનુ બાંધકામ કરે કરાવે નહી તેમજ સદર બાંધકામ અન્ય કોઈને કોઈ પણ પ્રકારે વેચાણ, ગીરો કે બક્ષિસથી કે અન્યથા હસ્તાંતર કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદી નં.૧૬ અને ૧૭ વિરૂધ્ધ ન્યાયના હિતમાં ફરમાવવા દાદ માંગેલ છે.

(૨) વાદીની દાવા અરજીના આધારે પ્રતિવાદીઓને ધોરણસરની નોટીસ કાઢતા પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ તરફે આંક–૨૮ થી, પ્રતિવાદી નં.૪ અને ૫ તરફે આંક–૩૭ થી તથા પ્રતિવાદી નં.૬ થી ૧૫ તરફે આંક–૩૩ થી વાદીની દાવા અરજીનો લેખિત જવાબ રજૂ કરેલ છે. પ્રતિવાદી નં.૩ નાઓને દાવાના સમન્સની બજવણી થવા છતાં હાજર રહેલ નથી. પ્રતિવાદી નં.૨,૩ તથા ૧૬ તરફે કોઈ જવાબ રજૂ કરેલ નથી.

પ્રતિવાદી નં.૯,૧૪,૧૫ તથા ૧૭ નાઓને દાવા સમન્સની બજવણી થવા છતાં હાજર રહેલ ન હોઈ વાદી તરફેની આંક–૧૧૨ ની અરજી મંજૂર કરી મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરેલ છે.

(૨.૧) પ્રતિવાદી નં.૧ તરફે આંક–૨૮ થી રજૂ થયેલ જવાબમાં જણાવેલ છે કે, વાદીને હાલનો દાવો લાવવા માટે કોઈ હક્ક અને અધિકાર ન હતા અને નથી કારણ કે દાવાવાળી મિલકત અંગે વાદીના કોઈ હક્ક પ્રતિવાદી નં.૧ વાદીના પિતાની હયાતી દરમ્યાન ઉપસ્થિત થયા ન હતા અને નથી. સબબ વાદીનો દાવો તથા મનાઈ અરજ રદ કરવા મહેરબાની થશે. દાવા અરજના પેરા–૧ અને મનાઈ અરજના પેરા–૧ માં દર્શાવેલ સગપણ અંગે વિવાદ નથી. દાવા અરજમાં પેરા–૨ અને મનાઈ અરજના પેરા–૩ માં વાદીના કાકા સંદર્ભે જણાવેલ તથા પિતરાઈ ભાઈ હેમંતભાઈ વિશે કરેલ ઉલ્લેખ સંબંધી વિવાદ નથી. સદર પેરામાં જણાવેલ સર્વે નંબરોવાળી જમીન છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈના નામે સને–૧૯૭૪ અગાઉથી ચાલી આવેલી હકીકત એ કારણસર ખરી છે કે, સદર મિલકત તેઓએ પોતાની સ્વતંત્ર આવકમાંથી ખરીદ કરી હતી અને તે અંગે ખરીદી સંબંધી થયેલ

વ્યવહારોની નોંધ રેકર્ડ દફતરે થયેલ છે. ઉપરોક્ત હકીકતમાં સદર પેરામાં જણાવેલ સર્વે નંબરોવાળી કે જેના હાલ બ્લોક નંબર છે તે જમીન છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈની સ્વપાર્જીત અને સ્વતંત્ર માલિકી કબ્જા ભોગવટાવાળી ચાલી આવેલ હતી અને સદરહુ જમીન છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈને તેમના વડીલ લલ્લુભાઈ દેસાઈ તરફથી મળી ન હતી. ઉપરોક્ત હકીકતમાં છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈ સદરહુ મિલકત અંગે વીલ યાને વસીયતનામું કરવા હક્કદાર હતા અને સદરહુ મિલકત અંગે તેઓએ તા.૨૨/૦૨/૧૯૭૯ ના દિને તેમનુ છેવટનું અને આખરી વીલ ખંડુભાઈ લલ્લુભાઈ દેસાઇ, રવીકાંત શીવશંકર અને બળવંતરાય છોટુભાઈ દેસાઈની હાજરીમાં અને સાક્ષી રૂબરૂ કરેલ. સદરહુ વીલ યાને વસીયતનામા રૂએ દાવા અરજના પેરા–૨ અને મનાઈ અરજના પેરા–૩ માં જણાવેલ મિલકત પ્રતિવાદી નં.૧ ને તથા વીલની વ્યવસ્થા મુજબ લાભાર્થીઓને પ્રાપ્ત થયેલ. જે અન્ય લાભાર્થીઓએ સદરહુ મિલકતના તેઓના હક્ક પ્રતિવાદી નં.૧ ના લાભમાં જતા કરેલ હતા અને આમ સદરહુ મિલકત પ્રતિવાદી નં.૧ સ્વતંત્ર માલિક, કબજેદાર તરીકે ધરાવતા આવેલ હતા અને છે. ઉપરોક્ત હકીકતમાં સદર પેરામાં જણાવેલ અને દાવાવાળી મિલકત તરીકે ઉલ્લેખ કરેલ મિલકત પ્રતિવાદી નં.૧ સ્વતંત્ર રીતે અને વીલની રૂએ ધારણ કરતા હતા અને તેથી સદર મિલકત વડીલોપાર્જીત ન હતી તેમજ સદર મિલકતમાં વાદીનો કોપાર્સનર તરીકેનો કોઈ હક્ક, અધિકાર ચાલી આવેલ ન હતો. સબબ વાદીનો દાવો તથા મનાઈ અરજ રદ થવા પાત્ર છે.

દાવા અરજના પેરા–૩ તથા મનાઈ અરજના પેરા–૪ માં છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈના અવસાન બાદ તેમના વીલની રૂએના લાભાર્થીઓના નામ દાખલ કરવામાં આવેલ. તે હકીકત વાદીએ પાઠાફેર કરીને જણાવી છે. રેવન્યુ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ નોંધ થકી મિલકતના ટાઈટલ નક્કી થતા નથી અને તે સંજોગોમાં સદર પેરામાં જણાવેલી નોંધ વીલ યાને વસીયતનામા મુજબની હોવાની હકીકત સાચી છે અને સદર નોંધ આધારે વાદીને કોઈપણ પ્રકારના હક્ક પ્રાપ્ત થતા નથી.

દાવા અરજના પેરા–૪ અને મનાઈ અરજના પેરા–૫ માં નીરૂબેન છોટુભાઈ દેસાઈના અવસાન બાદ તેમના વારસોના નામ દાખલ કરવા બાબતે કરવામાં આવેલી નોંધ અંગેની હકીકત વાદીએ કાયદેસર રીતે પુરવાર કરવાની રહે છે.

દાવા અરજના પેરા–૫ અને મનાઈ અરજના પેરા–૬ માં હક્ક ફેરફાર નોંધ નં.૪૨૭૫ સંબંધી જે રજૂઆત કરવામાં આવેલ છે તે રેકર્ડ પુરાવાને સુસંગત હોય તો તે અંગે વિવાદ નથી.

દાવા અરજના પેરા–૬ અને મનાઈ અરજના પેરા–૭ માં જણાવેલી હકીકત રૂએ હેમંતભાઈ તથા અરવિંદભાઈ અને મનુભાઈ વચ્ચે મિલકતની વહેંચણી થયેલી અને તે અંગે ફેરફાર નોંધ થયેલી. તે હકીકત અંગે વિવાદ નથી અને ત્યારબાદ દાવા અરજના પેરા–૭ અને મનાઈ અરજના પેરા–૮ માં અરવિંદભાઈ અને મનુભાઈના હિસ્સે આવેલ મિલકતમાંથી મનુભાઈ છોટુભાઈ દેસાઈએ

પોતાના હક્ક, અધિકારો છોડી દીધેલા. તે અંગે જે નોંધ રેકર્ડ દફતરે થયેલ છે તે અંગે કોઈ વિવાદ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, સદરહુ મિલકતના સહમાલિકો દ્વારા પ્રતિવાદી નં.૧ ના લાભમાં હક્ક છોડવામાં આવેલ છે અને તે સંજોગોમાં મનુભાઈ છોટુભાઈ દેસાઈ તથા નીરૂબેન છોટુભાઈ દેસાઈના પુત્ર હેમંતભાઈ નવીનભાઈ દેસાઈ દ્વારા છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈના મિલકતના વીલના લાભાર્થી તરીકે પ્રાપ્ત થયેલ તેઓના ૬૬% હિસ્સાની મિલકત પ્રતિવાદી નં.૧ ને સ્વતંત્રપણે પ્રાપ્ત થયેલ હતી અને તેઓના હક્કો પ્રતિવાદી નં.૧ નાએ સ્વતંત્ર માલિકી હક્કે પ્રાપ્ત કરેલ હતા. આમ, સદરહુ મિલકતનો ૬૬% હિસ્સો પ્રતિવાદી નં.૧ નામે સ્વપાર્જીત રીતે મેળવેલ હતો. તે હકીકત વાદીએ જાણીબુઝી અને ઈરાદાપૂર્વક દર્શાવેલ નથી. પરંતુ, વાદીની દાવા અરજ તથા મનાઇ અરજમાં રેવન્યુ રેકર્ડ દફતરે કરવામાં આવેલ નોંધ મુજબ વાદીએ કરેલી કબૂલાત અને સ્વીકૃતિ ઉપરથી પ્રતિવાદી નં.૧ ના સ્વપાર્જીત હિસ્સાની સ્પષ્ટતા થવા પામેલ છે. ઉપરોક્ત હકીકતમાં પણ વાદીને હાલનો દાવો કરવા કોઈપણ હક્ક, અધિકાર ન હતા અને નથી.

દાવા અરજના પેરા–૮ અને મનાઈ અરજના પેરા–૯ વાળી હકીકત ખરી નથી અને પ્રતિવાદીને કબૂલ નથી. દાવાવાળી મિલકત તરીકે દર્શાવેલ સદર પેરાની મીલકતો વારસાઈ હક્કે વાદી જે રીતે જણાવે છે તે રીતે નહી પરંતુ વીલની રૂએ પ્રાપ્ત થયેલ છે અને તે સંજોગોમાં સદર મિલકત વડીલોપાર્જીત મિલકત ન હતી. સદર પેરામાં મર્હુમ છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈના પૌત્ર તરીકે દાવાવાળી મિલકતમાં વાદીનો વણવહેંચાયેલો હિસ્સો ચાલી આવેલ હોવાની હકીકત ખરી નથી. વાદી દાવાવાળી મિલકતમાં અરવિંદભાઈ છોટુભાઈ દેસાઈની હયાતીમાં કોઈપણ પ્રકારના હક્ક, અધિકાર ધરાવતા ન હતા.

દાવા અરજના પેરા–૯ અને મનાઈ અરજના પેરા–૧૦ માં જણાવેલ હકીકત વાદીએ ખોટી રીતે જણાવેલ છે. વાદી પ્રતિવાદી નં.૧, પિતા સાથે સારા સંબંધો રાખતા ન હતા અને પોતે ઘર છોડીને ચાલી ગયેલ છે. પ્રતિવાદી નં.૧ દાવાવાળી મિલકતના સંપૂર્ણ માલિક હતા અને છે અને તેથી વાદીની જાણ બહાર સદર જમીન તાલુકા પંચાયત પાસેથી બીનખેતીની કરાવેલાની વાદીની રજૂઆત નામદાર કોર્ટને પ્રેજ્યુડીસ કરવા માટેની છે. પ્રતિવાદી નં.૧ પોતાની મિલકત અંગે સ્વતંત્ર પણે નિર્ણય લેવા હક્કદાર હતા અને તે રીતે પ્રતિવાદીએ સદર પેરામાં જણાવ્યા મુજબના વેચાણ દસ્તાવેજના વ્યવહારો કરેલ છે. સદરહુ વેચાણ દસ્તાવેજના વ્યવહારો ખરા અને કાયદેસરના છે અને તે અંગે વાદીને વિવાદ કરવા કોઈ અધિકાર ન હતા. વધુમાં સદર પેરામાં જણાવેલ વેચાણના વ્યવહારો દસ્તાવેજો જુદી જુદી તારીખના છે અને તેથી સદરહુ વ્યવહારો દસ્તાવેજો અંગે વાદી હાલ જે દાવો લાવેલ છે તે મુદત બહારનો છે અને તે અંગે જુદા જુદા સમયના દાવા માટેના કારણો એકત્ર કરીને હાલનો દાવો કરી શકાતો નથી.

દાવા અરજના પેરા–૧૦ તથા મનાઈ અરજના પેરા–૧૧ માં વર્ણવેલ મિલકતના બ્લોક

નંબર, માપ સંબંધી વિવાદ નથી પરંતુ સદરહુ મિલકત અંગે વાદીને કોઈ નિસ્બત સંબંધ ચાલી આવેલ ન હતા. સદર પેરાની સઘળી હકીકત પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે છે.

દાવા અરજના પેરા–૧૩ અને મનાઈ અરજના પેરા–૧૨ માં જણાવેલ તમામ હકીકતો વાદીએ ખોટા દાવાની પુષ્ટીમાં જણાવેલ છે. દાવાવાળી મિલકત વડીલોપાર્જીત હોવાની હકીકત ખરી નથી. વાદીને હાલનો દાવો લાવવા કોઈ હક્ક, અધિકાર ન હતા તેમજ વેચાણ દસ્તાવેજ રદ કરાવવા માટે પણ કોઈ હક્ક, અધિકાર નથી. વાદીના દાવાની હકીકત કબૂલ રાખ્યા વિના સદર પેરામાં જે તે તારીખો જણાવેલ છે તે જોવામાં આવે તો વાદીનો દાવો મુદત બહારનો છે. સદર પેરામાં દાવાવાળી મિલકત ગેરકાયદેસર રીતે વેચાણ કરેલાની હકીકત જણાવી છે તે ખરી નથી અને સદર મિલકતના વેચાણ બાબતે વાદીને દાવો લાવવા કોઈ અધિકાર ન હતા અને નથી. સદર પેરામાં વેચાણ દસ્તાવેજ બાબતે કરવામાં આવેલ નોંધ સંબંધી જે રજૂઆતો કરવામાં આવી છે તે ખરી નથી. સબબ પેરામાં જણાવ્યા મુજબનો કાયમી મનાઈ હુકમ મેળવવા દાવો લાવવા પડેલાની વાદીની રજૂઆત ખરી નથી અને પ્રતિવાદીને કબૂલ નથી.

મનાઈ અરજના પેરા–૧૩ માં જણાવેલ તમામ હકીકત ખરી નથી અને પ્રતિવાદીને કબૂલ નથી. સદરહુ પેરાની હકીકત પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે છે.

મનાઈ અરજના પેરા–૧૪ માં વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાની અને સગવડતા અને અગવડતા વાદીની તરફેણમાં હોવાની જે રજૂઆત કરી છે તે ખરી નથી. વાદીના દાવાવાળી મિલકતમાં કોઈપણ પ્રકારના લાગભાગ, હક્ક, હિસ્સા, અધિકાર ચાલી આવેલ નથી અને તે સંજોગોમાં વાદીને નાણાકીય રીતે કે અન્ય રીતે વળતર ન મળે તે રીતે નુકશાન થાય એવી કોઈ શક્યતા અને સંભાવના નથી. ન્યાય અને સમન્યાયના સિધ્ધાંત મુજબ પણ કળીયુગનો પુત્ર પિતાની વિરૂધ્ધ દાવો લાવ્યો છે તે જોતાં કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ પણ વાદીનો દાવો તથા મનાઈ અરજ ચાલી શકે તેમ નથી. સબબ પેરાની સઘળી હકીકત ખરી નથી.

દાવા અરજ તથા મનાઈ અરજમાં દાવા અને મનાઈનું કારણ તા.૧૦/૧૦/૨૦૧૨ ના રોજ ઉપસ્થિત થયેલાની જે રજૂઆત કરી છે તે સંપૂર્ણપણે ખોટી અને ગેરકાયદેસરની છે અને દાવા અને મનાઈ અરજની હકીકતો સાથે સુસંગત નથી. સબબ વાદીનો દાવો તથા મનાઈ અરજ રદ કરવા અરજ ગુજારેલ છે.

(૨.૨) પ્રતિવાદી નં.૪ અને ૫ તરફે આંક–૩૭ થી વાદીની દાવા અરજીનો લેખિત જવાબ રજૂ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીની મૂળ દાવા અરજી જ ખોટી હકીકતોવાળી હોય કાયદા અને હકીકતમાં ટકી શકે તેમ નથી અને પ્રથમદર્શનીય રીતે રદ થવા પાત્ર છે.

વાદીને આ પ્રકારનો દાવો કે મનાઈ અરજી હમારી વિરૂધ્ધ લાવવાનો કાયદા કે હકીકતમાં કોઈ હક્ક કે અધિકાર મળતો નથી. વાદીના મનાઈ અરજી પેરા–૧ સંબંધે જણાવવાનુ કે વાદીની

મૂળ દાવા અરજી જ ખોટી હકીકતો વાળી હોય ટકી શકતી નથી અને તેથી મનાઈ અરજી પણ ટકી શકે તેમ નથી. દાવા અરજીના એકભાગ માટે ગણવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. દાવા અરજી પેરા–૧ થી ૧૧ તથા મનાઈ અરજી પેરા–૨ થી ૧૨ સંબંધે હમોને કોઈ જાત માહિતી નથી. કારણ કે એ પેરામાં જણાવેલી તમામ હકીકતો રેવન્યુને લગતી હોય તે અંગે હમોને જાત માહિતી નથી અને તે તમામ હકીકત વાદીએ નક્કર રીતે પુરવાર કરવાની રહે છે અને એ પેરાઓનો સ્પષ્ટ ખૂલાસો હમોએ આ જવાબના પેરા–૧૦ માં કર્યો છે. સબબ આ જવાબમાં સ્પષ્ટપણે કબૂલ કર્યા સિવાયની અન્ય તમામ હકીકતો કબૂલ નથી અને તેનો સ્પષ્ટપણે ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે.

દાવા અરજી પેરા–૧૩ માં જે હકીકતો તથા કારણ જણાવેલ છે તેવું કોઈ કારણ વાદીને હમારા આ જવાબના પેરા–૧૦ માં જે ખૂલાસો કર્યો છે તે વાંચનમાં લેતા મળી શકતો નથી. વાદીએ જે કારણ બતવેલ છે તે ખોટુ, બનાવટી અને ઉપજાવી કાઢેલ હકીકતોવાળુ છે કારણ કે નામદાર કોર્ટમાં દાવો કે મનાઈ અરજી દાખલ કરવા માટે દાવાનું કારણ જણાવવું ફરજીયાત હોય વાદીએ આ તદ્દન ખોટુ કારણ જણાવેલ છે. સબબ એ પેરાની તમામ હકીકત ખોટી હોય કબૂલ નથી. વાદીએ દાવા અરજીમાં તા.૨૭/૦૭/૨૦૦૧ ના રોજ થયેલાનુ જણાવે છે તથા મનાઈ અરજીમાં તા.૧૦/૧૦/૨૦૧૨ જાણાવે છે જે કોન્ટ્રાડીક્ટરી હકીકત હોઇ તેમનો દાવો કે મનાઈ અરજી ટકી શકતી નથી અને એ તમામ હકીકત વાદીએ પુરવાર કરવાની રહે છે.

દાવા અરજીના પેરા–૧૪,૧૫ સંબંધે હમોને કોઈ જાતમાહિતી નથી અને એ તમામ હકીકત વાદીએ પુરવાર કરવાની રહે છે. દાવા અરજી પેરા ૧૬ સંબંધે તકરાર નથી.

મનાઈ અરજીના પેરા–૧૩ સંબંધે જણાવવાનું કે વાદીને દાવાવાળી મિલકત સાથે કોઈ લેવા દેવા નથી તેથી તેમના હક્ક હીતને કોઈ નુકશાન થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ મિલકત કાયદેસરના વેચાણ દસ્તાવેજ રૂએ ખરીદ કરેલ હોય હમો શુધ્ધબુધ્ધિપૂર્વકના ખરીદનારા છે અને કાયદેસર રીતે એ મિલકતના માલિક બનેલા છે. તેથી વાદીના કહેવાતા હક્ક સંબંધે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મનાઈ અરજીના પેરા–૧૪ સંબંધે જણાવવાનું કે વાદીનો દાવાવાળી મિલકત ઉપર કબજો વહીવટ નથી. વાદીના દાવાને તથા મનાઈ અરજીને સમયમર્યાદાનો બાધ નડે છે, પક્ષકારની ખામીનો બાધ નડે છે. વાદીએ સાચી હકીકત છૂપાવી ખોટી હકીકત જણાવી કહેવાતો દાવો તથા મનાઈ અરજી દાખલ કરેલ છે તેથી તેમનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી. દાવાવાળી મિલકત હમોએ ઉપર જણાવ્યુ તેમ પાકા રજીસ્ટર દસ્તાવેજ રૂએ કાયદેસર રીતે ખરીદ કરેલી હોય વાદીને આ મિલકત સાથે કોઈ લેવા દેવા નથી. તેમનો કબજો પણ નથી. જો આ મિલકત અંગે વાદીના લાભમાં હુકમ કરવામાં આવે તો હમોને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું કાયમી સ્વરૂપનું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીના લાભમાં છે એટલું જ નહી લીગલ ઈન્જરી પણ પ્રતિવાદીને જ થાય તેમ છે. વળી, વાદીએ સાચી હકીકત

છૂપાવી હોય તેઓ ચોખ્ખા હાથે નામદાર કોર્ટમાં આવેલા નથી. સબબ એ પેરાની તમામ હકીકત કબૂલ નથી.

વાદીના દાવા અરજીના પેરા–૧૨ માં જણાવેલ પરિશિષ્ટ ૧,૨,૩ વાળી જમીન સંબંધે વાદીએ જે હકીકતો જણાવી છે તે હકીકતો સંબંધે હમોને કોઈ જાત માહિતી નથી. જેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે. તે તમામ હકીકતો જેવી કે વેચાણ દસ્તાવેજ તથા વેચાણ દસ્તાવેજના આધારે પાડવામાં આવેલી નોંધો અને તે નોંધો પ્રમાણિત કર્યાની હકીકતોથી પ્રતિવાદીઓ માહિતગાર નથી જે તમામ હકીકતો વાદીએ દસ્તાવેજી પુરાવાઓ સહિત નામદાર કોર્ટમાં પુરવાર કરવાની રહેશે. પ્રતિવાદીઓએ સદર મિલકત વેચાણથી રાખેલાની હકીકત ખરી છે પરંતુ પ્રતિવાદીઓએ સદર મિલકતના ટાઈટલ ચકાસીને ખરીદ કરેલ છે અને સદર વેચાણ અવેજની જે તે સમયની કિંમત મુજબ વેચાણ અવેજની રકમ પ્રતિવાદી નં.૧ ને ચૂકવણું કરીને પાકા વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે એટલે ખરી હકીકતમાં હમો બોનાફાઈડ પરચેઝર છીએ. જેથી હમો પ્રતિવાદીએ સદર મિલકત ચોખ્ખા ટાઈટલવાળી હોવાના નાતે ખરીદ કરેલ છે જેથી દરેક બોનાફાઈડ પરચેઝરની સામે લિમીટેશનનો પણ પ્રશ્ન ઉપસ્થિત થાય છે અને દરેક પરચેઝરના દાવાના કારણ જુદા જુદા સમયના બનેલા છે તે સંજોગોમાં અને હકીકતો જોતા પણ વાદીનો દાવો સમય મર્યાદાના કારણે રદ થવાને પાત્ર છે. સદર મિલકતના વેચાણ સમયે તેમજ સદર વાદવાળી જગ્યા પ્રતિવાદી નં.૧ નાએ એન.એ. પ્રક્રિયામાં મૂકી તે સમયથી લઈને વેચાણ દસ્તાવેજની પ્રક્રિયા સુધીની તમામ હકીકતોથી વાદી માહિતગાર હતા અને તમામ હકીકતોમાં પણ વાદીની આ તમામ પ્રક્રિયામાં મૂક્ત સંમતિ હતી. તે હકીકત પણ દીવા જેવી સ્પષ્ટ છે. તે સંજોગોમાં પણ વાદી આ દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ કરવા કાયદા અને હકીકતમાં હક્કદાર નથી. જેથી તેનો ઈન્કાર કરવામાં આવે છે. વળી, દાવા અરજીના પેરા–૧૩ સંબંધે જણાવવાનું કે એ પેરામાં વાદીએ જણાવેલ છે કે, પ્રતિવાદીઓ નીચે પરિશિષ્ટ હેઠળ વર્ણવેલી મિલકતો અન્ય કોઈને વેચાણથી, ગીરોથી, હસ્તાંતર કરવામાં સફળ થઈ જાય અને વાદીના હક્કો નષ્ટ થઈ જાય અને હમારો કાયદેસરનો હક્ક ચાલી જવાની જે હકીકત જણાવી છે તે તમામ હકીકતો વાદી જાણતા હોવા છતાં જે તે સમયે જાણી બુઝીને અજાણ બનેલ છે અને એ રીતે વાદીએ સદર વેચાણ અંગેની હકીકતોમાં સંમતિ આપેલાની હકીકત પુરવાર થાય છે . જેથી સમન્યાય, ન્યાય કે કુદરતી સિધ્ધાંતોને ધ્યાનમાં લઈ પણ વાદીને માંગ્યા મુજબની મનાઈ મળી શકે તેમ નથી. વાદીએ મોજે કલવાડા, તા.જી.વલસાડ મુકામે આવેલ બ્લોક નંબર ૧૪૪,૧૮૭,૩૦૫ વાળી બીનખેતીની જમીન પૈકીની જમીન પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૬ થી ૧૫ નાને વેચાણ દસ્તાવેજથી વેચેલાની હકીકત વાદીએ યોગ્ય પુરાવા સહિત પુરવાર કરવાની છે જેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે.

વાદીના દાવા અરજીના પેરા–૧૭ ના સબ પેરા–૩ માં જણાવેલી હકીકતોનો ભારપૂર્વક

ઈન્કાર કરવામાં આવે છે. વાદીના દાવા અરજીના પેરા–૧૭ ના સબ પેરામાં ફેરફાર નોંધો જણાવી છે તે ફેરફાર નોંધોના પેરા ૭,૮,૯,૧૦,૧૧ અને ૧૨ જે ફેરફાર નોંધો જણાવી છે તે ફેરફાર નોંધો અંગેની સર્ટીફાઈડ નકલ રજૂ કરી છે તે તમામ નોંધો વાદીએ પુરવાર કરવાની છે.

ઉપરના તમામ સંજોગો અને હકીકતને ધ્યાનમાં રાખીને પ્રતિવાદી નં.૪,૫ નાઓ બોનાફાઈડ પરચેઝર છીએ અને સદર મિલકત પાકા વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે અને સદર મિલકતના ઘણા વરસોથી હમો હમારો ધંધા રોજગાર કરતા આવેલા છીએ. સદર મિલકત ચોખ્ખા ટાઈટલવાળી હોવાના નાતે પ્રતિવાદીઓએ શુધ્ધબુધ્ધિથી ખરીદ કરેલ છે અને તે અંગેની અવેજની રકમો પણ હમો પ્રતિવાદીઓએ શુધ્ધબુધ્ધિથી ખરીદ અને તે અંગેની અવેજની રકમો પણ હમો પ્રતિવાદીઓએ જે તે સમયના સદર મિલકતના માલિકને ચૂકવી આપેલ છે તે અને તે પહેલા પરચેઝરે સદર મિલકત બાંધકામ કરવા અંગેની એન.એ. પરવાનગી તથા બાંધકામના નકશા મંજૂર કરાવી સદર મિલકતમાં દુકાનો તથા રહેણાંકના મકાનો બનાવેલા છે તેથી પ્રતિવાદી નં.–૪ થી ૫ ને આ દાવાના કામે ખોટી રીતે પક્ષકાર બનાવી હમોને ખોટી રીતે હેરાન પરેશાન કરેલા છે. એ દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે તેમજ તમામ બોનાફાઈડ પરચેઝરોએ જુદી જુદી તારીખોએ વેચાણ દસ્તાવેજ કરેલ છે અને દરેક સામે દાવાના કારણો જુદા જુદા સમયના ઉપસ્થિત થયેલ હોય તે સંજોગોમાં પણ આ દાવો રદ થવાને પાત્ર છે.

દાવા અરજીના પેરા–૧ સંબંધે જણાવવાનું કે હમારા આ દાવાના પેરા–૧૦ ની હકીકત વાંચનમાં લેતા વાદીને એ પેરામાં માંગ્યા મુજબની કોઈ દાદ મળી શકે તેમ નથી. એટલું જ નહી તેઓ એ પ્રકારની દાદ માંગવા કે મેળવવા હકદાર પણ નથી.

ઉપરની તમામ હકીકતમાં વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરી હમોને વળતરાત્મક ખર્ચ અપાવવા જરૂરી હુકમ કરવા જણાવેલ છે.

(૨.૩) ત્યારબાદ પ્રતિવાદી નં.૬ થી ૧૫ તરફે આંક–૩૩ થી વાદીની દાવા અરજીનો લેખિત જવાબ રજૂ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીએ પ્રતિવાદી નં.૬ થી ૧૫ સામે કાયમી મનાઈ અંગેની જે દાદ અને મનાઈ મેળવવાની અરજ કરેલ છે તેવી અરજ પ્રતિવાદીઓ વિરૂધ્ધ વાદી કાયદા અને હકીકતમાં માંગવા કે મેળવવા હક્કદાર નથી. તેમજ વાદી સદર મિલકતના કાયદેસરના પ્રતિનીધિ પણ નથી. તેમજ પ્રતિવાદી નં.૬ થી ૧૫ ને આ કામે પક્ષકાર તરીકે જોડવાની ગંભીર ભૂલ કરેલી છે. જેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે.

વધુમાં પ્રતિવાદી નં.૬ થી ૧૫ નાઓએ તેઓના જવાબમાં જણાવેલ છે કે, વાદીની મનાઈ અરજી પેરા–૧ સંબંધે હમોને કોઈ જાતમાહિતી નથી. તેમાં જણાવેલી સગાઈ વાદીએ યોગ્ય દસ્તાવેજો રજૂ કરી પુરવાર કરવાની રહે છે. વાદીની દાવા અરજી પેરા–૨ સંબંધે જણાવવાનું કે, એ પેરામાં જણાવેલી હકીકતોથી પ્રતિવાદીઓ અજાણ છે. જેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે

છે. વાદીના પેરા–૩ સંબંધે જણાવવાનું કે, વાદીના દાદા છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈનું તા.૭/૩/૮૩ ના રોજ અવસાન અંગેની હકીકતો અંગે તેઓને કોઈ જાતમાહિતી નથી તેમજ દાદાના પુત્રોના સંબંધો અંગે પણ તેઓને કોઈ જાતમાહિતી નથી અને તેઓ કાયદેસરના વારસો છે કે કેમ અને તે અંગેની વારસાઈની નોંધ પાડવા અંગેની હકીકતો વાદીએ યોગ્ય પુરાવાઓ સહિત નામદાર કોર્ટમાં પુરવાર કરવાની રહે છે. તેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે. વાદીના દાવા અરજના પેરા–૪ અને ૫ સંબંધે પ્રતિવાદીઓને કોઈ જાતમાહિતી નથી. જેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે. વાદીની દાવા અરજીના પેરા–૬, ૭, ૮, ૯, ૧૧ માં જણાવેલી હકીકતોથી પ્રતિવાદીઓ માહિતગાર નથી.

વાદીના દાવા અરજીના પેરા–૧૦ સંબંધે જણાવવાનું કે, એ પેરામાં વાદી ૨૦૧૦ માં હરિદ્વાર મુકામે નોકરી કરવા ગયેલા અને તે સમયે સને–૨૦૧૦ માં પરત આવેલા ત્યારે પિતાશ્રીએ કાઢી મૂકેલાની હકીકત વાદી ખોટી જણાવે છે અને એ જ પેરામાં બીજી હકીકતો જે જણાવી છે તે તમામ હકીકતો વાદીએ યોગ્ય પુરાવા સહિત પુરવાર કરવાની છે અને એમાં વેચાણ દસ્તાવેજ અંગેની જે હકીકતો જણાવી છે તે તમામ હકીકતોથી પ્રતિવાદીઓ માહિતગાર નથી. જેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે.

વાદીના દાવા અરજીના પેરા–૧૨ માં જણાવેલ પરિશિષ્ટ–૧,૨,૩ વાળી જમીન સંબંધે વાદીએ જે હકીકતો જણાવી છે તે હકીકતો સંબંધે તેઓને કોઈ જાતમાહિતી નથી અને એ મિલકત કોના હિસ્સાની છે, કોણ માલિક છે, કોણ વારસદાર છે તે તમામ હકીકતોથી પ્રતિવાદીઓ માહિતગાર નથી. જેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે તે તમામ હકીકતો જેવી કે વેચાણ દસ્તાવેજ તથા વેચાણ દસ્તાવેજના આધારે પાડવામાં આવેલી નોંધો અને તે નોંધો પ્રમાણિત કર્યાની હકીકતોથી પ્રતિવાદીઓ માહિતગાર નથી. જે તમામ હકીકતો વાદીએ દસ્તાવેજી પુરાવાઓ સહિત નામદાર કોર્ટમાં પુરવાર કરવાની રહેશે. પ્રતિવાદીઓએ સદર મિલકત વેચાણથી રાખેલાની હકીકત ખરી છે. પરંતુ પ્રતિવાદીઓએ સદર મિલકતના ટાઈટલ ચકાસીને ખરીદ કરેલ છે અને સદર વેચાણ અવેજની જે તે સમયની કિંમત મુજબ વેચાણ અવેજની રકમ પ્રતિવાદી નં.૧ ને ચૂકવણું કરીને પાકા વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. એટલે ખરી હકીકતમાં તેઓ બોનાફાઈડ પરચેઝર છે. જેથી પ્રતિવાદીએ સદર મિલકત ચોખ્ખા ટાઈટલવાળી હોવાના નામે ખરીદ કરેલ છે અને સદર મિલકત પ્રતિવાદીઓએ જુદી જુદી તારીખોએ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જેથી દરેક બોનાફાઈડ પરચેઝરની સામે લીમીટેશનનો પણ પ્રશ્ન ઉપસ્થિત થાય છે અને દરેક પરચેઝરના દાવાના કારણ પણ જુદા જુદા સમયના બનેલા છે. તે સંજોગો અને હકીકતો જોતાં પણ વાદીનો દાવો સમયમર્યાદાના કારણે પણ રદ થવાને પાત્ર છે. સદર મિલકતના વેચાણ સમયે તેમજ સદર વાદવાળી જગ્યા પ્રતિવાદી નં.૧ નાએ એન.એ. પ્રક્રિયામાં મૂકી તે સમયથી લઈને વેચાણ

દસ્તાવેજની પ્રક્રિયા સુધીની તમામ હકીકતોથી વાદી માહિતગાર હતા અને તે તમામ હકીકતોમાં પણ વાદીની આ તમામ પ્રક્રિયામાં મૂક્ત સંમતિ હતી. તે હકીકત પણ દીવા જેવી સ્પષ્ટ છે. તે સંજોગોમાં પણ વાદી આ પ્રકારનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ કરવા કાયદા અને હકીકતમાં હક્કદાર નથી.

વાદીની દાવા અરજીના પેરા–૧૩ સંબંધે જણાવવાનું કે, એ પેરામાં વાદીએ જણાવેલ છે કે પ્રતિવાદીઓ નીચે પરિશિષ્ટ હેઠળ વર્ણવેલી મિલકતો અન્ય કોઈને વેચાણથી, ગીરોથી હસ્તાંતર કરવામાં સફળ થઈ જાય અને વાદીના હક્કો નષ્ટ થઈ જાય અને તેઓનો કાયદેસરનો હક્ક ચાલી જવાની જે હકીકત જણાવી છે તે તમામ હકીકતો વાદી જાણતા હોવા છતાં જે તે સમયે જાણીબુઝીને અજાણ બનેલ છે અને એ રીતે વાદીએ સદર વેચાણ અંગેની હકીકતોમાં સંમતી આપેલાની હકીકત પુરવાર થાય છે.

વાદીના દાવા અરજીના પેરા–૧૪ સંબંધે જણાવવાનું કે, સમન્યાય, ન્યાય કે કુદરતી સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં પણ વાદીને માંગ્યા મુજબની મનાઈ મળી શકે તેમ નથી. વાદી ચોખ્ખા હાથે નામદાર કોર્ટમાં આવેલા નથી. વાદી ફક્ત સદર વેચાણ કરેલી મિલકતમાંથી યેનકેન પ્રકારે પ્રતિવાદી નં.૧ પાસેથી ખોટી રકમ પડાવવાના ઈરાદાથી તદ્દન ખોટા પ્રકરણો ઉભા કરી પ્રતિવાદીને ૮૦ વર્ષની ઉંમરે હેરાન પરેશાન કરવાનો ઈરાદો ધરાવે છે. જેથી વાદીને માંગ્યા મુજબની મનાઈ આપવાનું કોઈ કારણ નથી.

વાદીના દાવા અરજીના પેરા–૧૫ સંબંધે જણાવવાનું કે, એ પેરામાં પ્રતિવાદી નં.૧ નાએ તા.૧૦/૧૦/૨૦૧૨ ના રોજ પરિશિષ્ટવાળી મિલકત વેચાણ કરવાની વાદીને ધમકી આપેલ. જેથી આ અરજીનું કારણ તા.૧૦/૧૦/૨૦૧૨ ના રોજનું બનેલાનુ ગણેલ છે તેવુ કોઈ કારણ વાદીએ જણાવ્યા મુજબની તારીખે બનેલ નથી. સદર મિલકતનું વેચાણ વાદીની જાણમાં થયેલ. જેથી વાદીએ તે તમામ હકીકતો પણ યોગ્ય દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરવાની રહેશે. તે સંજોગોમાં પણ વાદીને આવી કોઈપણ પ્રકારની મનાઈ કે દરમ્યાન આપવાની જરૂર જણાતી નથી અને વાદીનો દાવો ખર્ચસહિત રદ કરવાની જરૂર છે. વાદીના દાવા અરજના પેરા–૧૬,૧૭ સંબંધે કોઈ તકરાર નથી.

વાદીના દાવા અરજીના પેરા–૧૮ સંબંધે જણાવવાનું કે, એ પેરામાં જો વાદીએ મોજે કલવાડા, તા.જી.વલસાડ મુકામે આવેલ બ્લોક નં.૧૪૪ વાળી બીનખેતીની જમીન પૈકી ૧૩૧૫ ચો.મી. વાળી જમીન પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૪, ૫ નાને તા.૧૫/૩/૨૦૦૧ ના વેચાણ દસ્તાવેજથી વેચેલાની હકીકત વાદીએ યોગ્ય પુરાવા સહિત પુરવાર કરવાની છે. જેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે. વાદીની દાવા અરજીના પેરા–૧૭ ના સબ પેરા–૩ માં જણાવેલી હકીકતો પણ વાદીએ યોગ્ય પુરાવાઓ સહિત પુરવાર કરવાની રહે છે. જેથી તેનો

ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે.

વાદીના દાવા અરજીના પેરા–૧૭ ના સબ પેરા–૪,૫,૬ માં જે હકીકતો જણાવી છે તે તમામ હકીકતો અંગેના યોગ્ય પુરાવાઓ નામદાર કોર્ટમાં રજૂ કરી વાદીએ પુરવાર કરવાના રહે છે. જેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે. વાદીના દાવા અરજીના પેરા–૧૭ ના સબ પેરામાં ફેરફાર નોંધો જણાવી છે તે ફેરફાર નોંધોના પેરા–૭,૮,૯,૧૦,૧૧ અને ૧૨ જે ફેરફાર નોંધો જણાવી છે તે ફેરફાર નોંધો અંગેની સર્ટીફાઈડ નકલ રજૂ કરી તે તમામ નોંધો વાદીએ પુરવાર કરવાની છે જેથી તેનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે. વાદીના દાવા અરજીના સબ પેરા–૧૩, ૧૪ સંબંધે કોઈ તકરાર નથી.

ઉપરના તમામ સંજોગો અને હકીકતોને ધ્યાનમાં રાખી પ્રતિવાદી નં.૬ થી ૧૫ નાઓ બોનાફાઈડ પરચેઝર છે અને સદર મિલકત પાકા વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે અને સદર મિલકતમાં ઘણા વર્ષોથી તેઓ તેમનો ધંધો રોજગાર કરતા આવેલા છે. સદર મિલકત ચોખ્ખા ટાઈટલવાળી હોવાના નાતે પ્રતિવાદીઓએ શુધ્ધબુધ્ધિથી ખરીદ કરેલ છે અને તે અંગેની અવેજની રકમો પણ પ્રતિવાદીઓએ જે તે સમયના સદર મિલકતના માલિક પાસેથી વેચાણ રૂએ મેળવેલ છે. અને તે પહેલા પરચેઝરે સદર મિલકતમાં બાંધકામ કરવા અંગેની એન.એ. પરવાનગી તથા બાંધકામના નકશા મંજૂર કરાવી સદર મિલકતમાં દુકાનો તથા રહેણાંકના મકાનો બનાવેલા છે. તેથી પ્રતિવાદી નં.૬ થી ૭ નાઓએ સદર મિલકતમાં ચાલી આવેલ દુકાનો તથા રહેણાંકના મકાન ખરીદ કરેલ છે. જે સંજોગોમાં આ દાવાના કામે તેઓને તદ્દન ખોટી રીતે પક્ષકાર બનાવેલ છે. આ દાવાને સમયમર્યાદાનો પણ બાધ નડે છે. તેમજ તમામ બોનાફાઈડ પરચેઝરોએ જુદી જુદી તારીખોએ વેચાણ દસ્તાવેજ કરેલ હોય દરેક સામે દાવાના કારણો પણ જુદા જુદા સમયના ઉપસ્થિત થયેલ હોય તે સંજોગોમાં પણ આ દાવો રદ થવાને પાત્ર છે.

(૩) સદર કામે વાદી તરફે આંક–૫ તથા ૬૪ નીચે સંયુક્ત હુકમ કરી સદર અરજીઓ મંજૂર કરી પ્રતિવાદી નં.૪ થી ૧૫ નાઓએ દાવાવાળી જે મિલકતો ખરીદેલ છે તે મિલકતો આ દાવાના આખરી હુકમ સુધી કોઈપણ રીતે ટ્રાન્સફર કરી શકશે નહિ અને પ્રતિવાદી નં.૧૬ અને ૧૭ નાઓએ દાવામાં જણાવેલ બ્લોક નં.૧૪૪ વાળી બિનખેતી થયેલ જમીન પૈકી વેચાણ રાખેલ મિલકતમાં આ દાવાનો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી વધારાનુ બાંધકામ કરવુ કરાવવુ નહિ તેમજ આ મિલક્તમાં તેમણે કરેલ ફ્લેટ તથા દુકાનોના બાંધકામવાળી મિલકત પૈકી કોઇ મિલકત આ દાવાનો આખરી નિર્ણય ન થયા ત્યાં સુધી અન્ય કોઇને કોઈપણ રીતે તબદીલ કરવી નહિ તેવો મનાઇહુકમ આપેલ હતો.

(૪) ઉપરોક્ત હકીકતે આ કામે વાદી દ્વારા નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે :–

(અ) **મૌખિક પુરાવો** :–

અનુ. નં.	સાહેદનું નામ	આંક
૧	વાદી આશિષભાઈ અરવિંદભાઈ દેસાઈની સોગંદ ઉપરની જુબાની	૧૪૨

(બ) **દસ્તાવેજી પુરાવો** :–

અનુ. નં.	દસ્તાવેજનું વર્ણન	આંક
૧	પંચકયાસ	૧૪૬
૨	નકશો	૧૪૭
૩	કમિશ્નરનો રિપોર્ટ	૧૪૮
૪	મોજે ગામ કલવાડા તા.જી.વલસાડ બ્લોક/સર્વે નં.૧૪૪/પૈકી ૨ અને હાલ પ્રમોલગેશન થયા બાદ નવો નં.૧૫૩૬ પડેલ છે તેની ૭/૧૨ ના ઉતારાની ખરી નકલ	૧૫૨
૫	મોજે કલવાડા તા.જી.વલસાડ બ્લોક/સર્વે નં.૧૪૪/પૈકી ૨ અને હાલ પ્રમોલગેશન થયા બાદ નવો નં.૧૫૩૬ પડેલ છે તેની ૮–અ ના ઉતારાની ખરી નકલ	૧૫૩
૬	ફેરફાર નોંધ નં.૨૨૧૨ ની ઉતારાની નકલ	૧૫૪
૭	ફેરફાર નોંધ નં.૩૧૭૧ ની ઉતારાની નકલ	૧૫૫
૮	ફેરફાર નોંધ નં.૪૨૭૪ ની ઉતારાની નકલ	૧૫૬
૯	ફેરફાર નોંધ નં.૪૨૭૫ ની ઉતારાની નકલ	૧૫૭
૧૦	ફેરફાર નોંધ નં.૪૨૭૬ ની ઉતારાની નકલ	૧૫૮
૧૧	ફેરફાર નોંધ નં.૪૨૭૭ ની ઉતારાની નકલ	૧૫૯
૧૨	ફેરફાર નોંધ નં.૪૪૬૭ ની ઉતારાની નકલ	૧૬૦
૧૩	ફેરફાર નોંધ નં.૪૪૫૬ ની ઉતારાની નકલ	૧૬૧
૧૪	ફેરફાર નોંધ નં.૫૨૩૬ ની ઉતારાની નકલ	૧૬૨
૧૫	ફેરફાર નોંધ નં.૫૩૦૪ ની ઉતારાની નકલ	૧૬૩
૧૬	ફેરફાર નોંધ નં.૫૪૬૭ ની ઉતારાની નકલ	૧૬૪
૧૭	ફેરફાર નોંધ નં.૫૪૬૩ ની ઉતારાની નકલ	૧૬૫
૧૮	ફેરફાર નોંધ નં.૫૪૬૪ ની ઉતારાની નકલ	૧૬૬
૧૯	દિવ્ય ભાસ્કરમાં જાહેરાત આપેલી તે પેપર અસલ	૧૬૭
૨૦	રેશન કાર્ડની ખરી નકલ	૧૬૮
૨૧	વાદીના ઈલેકશન કાર્ડની ખરી નકલ	૧૬૯

૨૨	વેચાણ દસ્તાવેજની ખરી નકલ	૧૭૪

વાદી તરફે ઉપરના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવા નથી તે મતલબની કલોઝીંગ પુરસીસ આંક–૧૭૭ થી રજૂ કરી પુરાવો પૂર્ણ થયાનુ જાહેર કરેલ છે.

(૫) પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે :–

(અ) **મૌખિક પુરાવો** :–

અનુ. નં.	**સાહેદનું નામ**	**આંક**
૧	પ્રતિવાદી નં.૨ કીરીટકુમાર અરવિંદભાઈ દેસાઈની સોગંદ ઉપરની જુબાની	૧૮૨

(બ) **દસ્તાવેજી પુરાવો** :–

અનુ. નં.	**દસ્તાવેજનું વર્ણન**	**આંક**
૧	મોજે કલવાડા, તા.જી.વલસાડના હક્ક પત્રકની નોંધ નં.૩૧૭૧ ની ખરી નકલ	૧૮૬
૨	મોજે કલવાડા, તા.જી.વલસાડના હક્ક પત્રકની નોંધ નં.૪૨૭૬ ની ખરી નકલ	૧૮૭
૩	મોજે કલવાડા, તા.જી.વલસાડના હક્ક પત્રકની નોંધ નં.૪૨૭૭ ની ખરી નકલ	૧૮૮

પ્રતિવાદી નં.૧/૧ નાઓને પૂરતી તક આપવા છતાં પુરાવો રજૂ કરેલ ન હોઈ તેઓનો પુરાવાનો હક્ક તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૨ તરફે પુરાવો રજૂ કરવામાં આવેલ હતો અને ત્યારબાદ સદર કામ બાકીના પ્રતિવાદીઓના પુરાવા માટે રાખવામાં આવેલ હતુ પરંતુ બાકીના પ્રતિવાદીઓ તરફે પુરાવો રજૂ કરેલ ન હોઈ પ્રતિવાદી નં.૩ થી ૧૫ તથા ૧૭ નો પુરાવાનો હક્ક તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ બંધ કરવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી નં.૧૬ તરફે આંક–૧૮૫ થી સરતપાસનુ સોગંદનામુ રજૂ કરેલ હતુ પરંતુ પૂરતી તક આપવા છતાં તેઓ ઉટલતપાસ માટે હાજર રહેલ ન હોઈ આંક–૧૯૧ ની અરજી પર હુકમ કરી મારા પુરોગામી વિ. ન્યાયાધીશશ્રીએ પ્રતિવાદી નં.૧૬ નુ પુરાવાનુ સોગંદનામુ ડીસ્કાર્ડ કરવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ પ્રતિવાદી નં.૧ તથા ૧૬નો વધુ પુરાવાનો હક્ક બંધ કરેલ છે તથા તે જ દિવસે બાકીના પ્રતિવાદી નં.૩ થી ૧૫ તથા પ્રતિવાદી નં.૧૭ નો પુરાવાનો હક્ક પણ બંધ કરેલ છે.

(૬) ત્યારબાદ સદર કામે વાદી તરફે આંક–૧૯૯ થી લંબાણપૂર્વકની લેખિત દલીલો રજૂ થયેલ છે. જે વંચાણે લીધી.

ત્યારબાદ સદર કામ પ્રતિવાદીઓની દલીલો માટે રાખવામાં આવેલ હતુ. પરંતુ પૂરતી તક આપવા છતાં પ્રતિવાદી નં.૧/૧ નાઓ તરફે દલીલ કરેલ ન હોઈ તા.૨૧/૦૩/૨૦૨૫ ના રોજ તેઓનો દલીલોનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૨ તથા ૧૬ ની દલીલ માટે કામ રાખવામાં આવેલ હતુ. પરંતુ પૂરતી તક આપવા છતાં પ્રતિવાદી નં.૨ તથા ૧૬ નાઓ તરફે દલીલ કરેલ ન હોઈ તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ તેઓનો દલીલોનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પૂરતી તક આપવા છતાં પ્રતિવાદી નં.૩ નાઓ તરફે દલીલ કરેલ ન હોઈ તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ તેઓનો દલીલોનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પૂરતી તક આપવા છતાં પ્રતિવાદી નં.૪ તથા પનાઓ તરફે દલીલ કરેલ ન હોઈ તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ તેઓનો દલીલોનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પૂરતી તક આપવા છતાં પ્રતિવાદી નં.૬ થી૧૫ તથા૧૭ નાઓ તરફે દલીલ કરેલ ન હોઈ તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ તેઓનો દલીલોનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૭) સદર દાવાના અનુસંધાને મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ આંક–૯૨ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડેલ છે :–

૧. શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી મિલકતો વડીલોપાર્જીત ચાલી આવેલ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, તેના પિતા અરવિંદભાઈને એકલાને વાદગ્રસ્ત જમીનો અંગે કાર્યવાહી કરવા કે તે જમીનોનું વેચાણ કરવા હક્ક, અધિકાર ન હતો ?

૩. શું વાદી પુરવાર કરે છે કે તેમના પિતાએ વાદગ્રસ્ત મિલકતો અંગે પ્રતિવાદી નં.૪,૫ ની તરફેણમાં કરી આપેલ રજી.વે.દ.અ.નં.૫૯૦, તા.૧૫/૩/૦૧, તથા પ્રતિવાદીનં.૬–૭ ની તરફેણમાં કરી આપેલ રજી.વે.દ.અ.નં.૫૧૭ તા.૪/૧૨/૨૦૦૯,તથા પ્રતિવાદી નં.૬ થી ૧૩ નાં લાભમાં કરી આપેલ રજી. વે.દ.અ.નં. ૨૬૧૨, તા.૭/૫/૨૦૧૨, તા.૭/૫/૨૦૧૨ તથા પ્રતિવાદી નં.૧૬–૧૭ ના લાભમાં કરી આપેલ રજી. વે. દ. અ. નં. ૪૦૭૭, તા.૧૩/૦૮/૨૦૧૨ તથા પ્રતિવાદી નં.૧૪–૧૫ ના લાભમાં કરી આપેલ રજી. વે. દ. અ. નં. ૩૫૬૨, તા. ૧૧/ ૦૭/૨૦૧૨ તેમજ રજી. વે.દ.અ.નં. ૩૫૬૩ તા.૧૧/૭/૨૦૧૨ વાળા વેચાણ દસ્તાવેજો ખોટા, ગેરકાયદેસરના અને રદ થવાને પાત્ર છે.

૪. શું વાદીનો દાવો સમય મર્યાદામાં છે ?

૫. શું દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે ?

૬. શું પ્રતિવાદી નં.૪ થી ૧૭ નાઓ પુરવાર કરે છે કે, તેઓ દાવામાં જણાવેલ વેચાણ રાખેલ જે તે મિલકત શુધ્ધબુધ્ધિપૂર્વકના ખરીદનાર છે ?

૭. શું વાદી દાવા અરજી પેરા–૧૬ માં માંગ્યા મુજબની કે તે પૈકીની કોઈ દાદ મેળવવા હક્કદાર છે ?

૮. શું હુકમ અને હુકમનામુ ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. નકારમાં.

૫. નકારમાં.

૬. હકારમાં.

૭. નકારમાં.

૮. આખરી હુકમ મુજબ.

–:: કા ર ણો ::–

કાયદાકીય ચર્ચા :–

(૯) મુદ્દા નંબર :: ૧ થી ૩ ::

ઉપરોક્ત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર તેની ચર્ચા અને નિર્ણય એકસાથે કરવામાં આવેલ છે. સદર કામે બંને પક્ષે રજૂ થયેલ પક્ષ નિવેદન, પુરાવો તથા દલીલો ધ્યાને લેવામાં આવેલ છે.

વાદીએ તેઓની દાવા અરજીની હકીકતોના સમર્થનમાં રજૂ કરેલ પુરાવો જોતાં વાદી આશિષભાઈ અરવિંદભાઈ દેસાઈનાઓએ તેમની આંક–૧૪૨ની પુરાવા એફીડેવીટમાં દાવા અરજીમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે.

સદર સાહેદની પ્રતિવાદી નં.૧ના તરફે વિ.વ.શ્રી જે.એલ.ગાંધીનાએ ઉલટતપાસ લીધેલ છે. તે જોતાં, તેઓએ ધોરણ–૧૨ સાયન્સ સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓએ સને–૧૯૮૩ માં ૧૨ સાયન્સનો અભ્યાસ પૂરો કરેલ છે. ત્યારબાદ તેઓએ આઇ.ટી.આઇ.નો અભ્યાસ કરેલ છે. આઇ.ટી.આઇ. કર્યા બાદ તેઓએ નોકરી શરૂ કરેલ. તેઓ સને–૨૦૦૦ માં તેઓના પિતાથી અલગ રહેવા ગયેલ. તેઓના પિતા ડોકટર હતા. સાહેદ એ હકીકત સ્વીકારે છે કે, તેઓના પિતા ડોકટર

તરીકે સ્વતંત્ર આવક મેળવતા હતા. છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈ તેઓના દાદા થાય. દાવાવાળી મિલકત છોટુભાઈ લલ્લુભાઈ પાસે તેમના બાપ દાદા તરફથી ઉતરી આવેલ હોવાનો પુરાવો આ કામે રજૂ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, દાવાવાળી મિલકત છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈની સ્વપાર્જીત મિલકત છે. છોટુભાઈ લ્લલુભાઈ રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનર હતા. છોટુભાઈ પોતાની સ્વતંત્ર આવક ધરાવતા હતા. ખંડુભાઈ લલ્લુભાઈ દેસાઈ તેમના દાદાના ભાઈ થાય. બળવંતરાય છોટુભાઈ દેસાઈ તેમના શું સગા થાય તેની તેમને ખબર નથી. તેઓ રવીકાંત શીવશંકર નામના વ્યકતિને ઓળખતા નથી. સાહેદ એ હકીકત સ્વીકારે છે કે, તેમના પિતાએ આ કામે દાવામાં જવાબ રજૂ કરેલ. જેઓ હાલમાં હયાત નથી. તેમના પિતાએ રજૂ કરેલ જવાબમાં છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈનાઓએ દાવાવાળી મિલકત તથા અન્ય મિલકતો બાબતે તા.૨૨/૦૨/૧૯૭૯ ના રોજ એક વીલ કરેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે. તેઓએ આ જવાબ વાંચ્યા બાદ છોટુભાઈના વીલ બાબતે તપાસ કરેલ પરંતુ તેમને તે વીલ મળેલ નહી. તેમના પિતાએ રજૂ કરેલ જવાબમાં છોટુભાઈના વીલમા ખંડુભાઈ લલ્લુભાઇ, રવીકાંત શીવશંકર તથા બળવંત છોટુભાઈનાઓએ સાક્ષી તરીકે સહી કરેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે. છોટુભાઈના વીલ બાબતે મેં ખંડુભાઈ લલ્લુભાઈનો સંપર્ક કરી કોઇ તપાસ કરેલ નહી. કારણ કે, તેઓ છોટુભાઈનુ અવસાન થયુ તે પહેલા ગુજરી ગયા હતા.

વધુમાં, સાહેદ એ હકીકત સ્વીકારે છે કે તેઓએ છોટુભાઈના વીલ બાબતે રવીકાંત શીવશંકર તથા બળવંત છોટુભાઈનો સંપર્ક કરી કોઇ તપાસ કરેલ નહી. તેઓના પિતાએ રજૂ કરેલ જવાબમાં છોટુભાઈના વીલ આધારે તેઓના પિતા તથા તેમના ભાઇ–બહેનો દાવાવાળી મિલકત ના માલિક બનેલ હોવાનુ જણાવેલ છે. તેઓના દાદા છોટુભાઈ પાસેથી મિલકત મળ્યા બાદ તેઓના પિતા, ફોઈ તથા કાકા વચ્ચે અંદરો અંદર વહેંચણી થયેલ. સાહેદ એ હકીકત સ્વીકારે છે કે, તેઓના પિતાએ રજૂ કરેલ જવાબમાં મનુભાઈ છોટુભાઈ તથા નિરૂબેન છોટુભાઈ દેસાઈના પુત્ર હેમંતભાઈ નવીનભાઈનાઓને મળેલ મિલકતોમાંથી તેમણે તેઓના પિતાના લાભમાં હક્ક જતો કરેલ હોવાનુ જણાવેલ છે. સાહેદ એ હકીકત સ્વીકારે છે કે, મનુભાઇ, નીરૂબેન તથા હેમંતભાઈને મળેલ કુલ ૬૬ ટકા હિસ્સો તેઓના પિતાએ પ્રાપ્ત કરેલ હતો. તેઓના પિતાને મળેલ મિલકતો બાબતે સ્વતંત્ર રીતે વહીવટ કરવા માટે તેઓના પિતા હક્કદાર હતા. દાવાવાળી મિલકતમાં તેમને જન્મથી હક્ક મળેલ હોવાનુ દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો તેઓએ મેળવી આ કામે રજૂ કરેલ નથી. સાહેદ એ હકીકત સ્વીકારે છે કે, હાલનો દાવો તેઓએ જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરાવવા માટે કરેલ છે. તે દસ્તાવેજની નોંધણી થયાના ત્રણ વર્ષની મુદતમાં આ દાવો રજૂ કરેલ નથી. આ કામે પડકારવામાં આવેલ તમામ દસ્તાવેજો જુદી જુદી તારીખે નોંધાયેલ છે. તેઓએ હાલનો દાવો કુલ ચાર દસ્તાવેજો રદ કરવા માટે કરેલ છે. તે સિવાયના સવાલોના ડીનાયલ સ્વરૂપે નકારમાં જવાબ આપેલ છે.

પ્રતિવાદીનો પુરાવો :–

(૧૦) પ્રતિવાદી નં.૨ તરફે આંક–૧૮૨ થી કીરીટકુમાર અરવિંદભાઈ દેસાઈનાઓએ તેમની પુરાવા એફીડેવીટ રજૂ કરેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, વાદી તથા પ્રતિવાદી નં.૧ ના વારસ સગપણે સગા ભાઈઓ થાય છે. અરવિંદભાઈ છોટુભાઈ દેસાઈના પિતા અને તેઓના દાદા છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈ રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનર હતા અને તેઓ સ્વતંત્ર આવક કમાણી ધરાવતા હતા. દાવાવાળી મોજે કલવાડાના સર્વે નં.૧૪૪ વાળી મિલકત તેઓના દાદા છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈનાએ સ્વતંત્ર આવક કમાણીથી ખરીદી હતી. છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈનાએ તેઓની હયાતીમાં મિલકત અંગે વીલ યાને વસીયતનામું તા.૨૨/૦૨/૧૯૭૯ ના દિને કરેલ હતુ પરંતુ તે અસલ વીલ તેમના પિતા અને માતા પાસે રહેતુ હતુ. તેથી તે અસલ વીલ નામદાર કોર્ટમાં રજૂ કરી શકે એમ નથી. છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈના અવસાન બાદ સને–૧૯૮૩ માં રેકર્ડ દફતરે થયેલ નોંધ નં.૩૧૭૧ થી મોજે કલવાડાના સર્વે નં.૧૪૪,૧૮૭,૨૯૭ તથા ૩૦૫ માં તેમના પિતા અરવિંદભાઈ છોટુભાઇ, કાકા મનુભાઈ છોટુભાઈ તથા ફોઈ નિરૂબેન છોટુભાઈના નામે દાખલ કરવામાં આવેલ અને તે રીતે રેકર્ડ જોતાં તેઓ ત્રણેય વ્યક્તિઓ સરખા હિસ્સાના માલિક થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપરથી જણાય આવે છે. તેમના પિતાએ દાદા છોટુભાઈ લલ્લુભાઈનાએ વીલ કરી દાવાવાળી મિલકત તેમના પિતાને આપેલ હોવાનું લેખિત જવાબમાં જણાવેલ છે પરંતુ તે અંગેનું અસલ વીલ તેઓની પાસે મળી આવેલ નથી. તેઓના પિતા હયાત હતા ત્યારે તેઓએ જણાવેલ કે છોટુભાઈ લલ્લુભાઈનાએ તેમનું છેવટનું વીલ ખંડુભાઈ લલ્લુભાઈ દેસાઈ અને બળવંતરાય છોટુભાઈ દેસાઈ તથા રવીકાંત શીવશંકરની હાજરીમાં કરેલ. પરંતુ ઉપરોક્ત વ્યક્તિઓ પૈકી ખંડુભાઈ લલ્લુભાઈ હયાત નથી, બળવંતરાય છોટુભાઈ હયાત નથી. તેમજ રવીકાંત શીવશંકર અંગે તેઓને હાલે કોઈ માહિતી નથી.

દાવાવાળી મિલકત સર્વે નં.૧૪૪ અંગે મનુભાઈ છોટુભાઈ તથા અરવિંદભાઈ છોટુભાઈના સંયુક્ત હિસ્સા ચાલી આવ્યા હતા અને તે હકીકત રેકર્ડ દફતરે થયેલ નોંધ નં.૪૨૭૬ જે વહેંચણ સંબંધેની છે તે રૂએ ચાલી આવેલ છે. સદર વહેંચણ નોંધ તેઓના ફોઈ નયનાબેન છોટુભાઈના પુત્ર હેમંત નવીનચંદ્ર દેસાઈ સાથે અરવિંદભાઈ છોટુભાઈ અને મનુભાઈ છોટુભાઈનાએ મિલકત અંગે કરેલ વહેંચણ સંબંધી છે અને તેથી સદર નોંધ મુજબ દાવાવાળી મિલકતમાં નયનાબેન છોટુભાઈનો કોઈ હિસ્સો ચાલી આવેલ ન હતો અને નથી. જ્યાર બાદ મનુભાઈ છોટુભાઈએ મોજે કલવાડાના સર્વે નં.૧૮૭, સર્વે નં.૧૪૪ તથા સર્વે નં.૩૦૫ અંગે પોતાના હક્ક, હીત, અધિકાર અરવિંદભાઈ છોટુભાઈના લાભમાં જતા કર્યા અને છોડી દીધા હતા. જે અંગે રેકર્ડ દફતરે નોંધ નં.૪૨૭૭ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત હકીકતમાં મોજે કલવાડાના સર્વે નં.૧૪૪ વાળી સંપૂર્ણ મિલકત અરવિંદભાઈ

છોટુભાઈના હિસ્સે આવી હતી અને તેઓએ પોતાની હયાતીમાં સદર મિલકત વેચાણ કરી દીધેલ છે જે અંગે તેઓને કોઈ વાંધો ન હતો અને નથી. અરવિંદભાઈ છોટુભાઈએ સદર મિલકત પોતાના માલિકી હક્કને આધિન વેચાણ કરી હતી. તેઓના પિતાએ દાવા કામે જવાબ રજૂ કરેલ અને તેમાં તેઓએ સાચી હકીકત જણાવેલ છે. સદર દાવાવાળી મિલકત વડીલોપાર્જીત મિલકત નથી.

આ કામે અલગ લિસ્ટથી તેઓની જુબાની સાથે મોજે કલવાડાની નોંધ નં.૩૧૭૧, નોંધ નં.૪૨૭૬ તથા નોંધ નં.૪૨૭૭ રજૂ કરેલ છે તે મુજબ પણ તેઓના પિતાને સદર મિલકતમાં તેમના કાકા મનુભાઈ છોટુભાઈ તથા ફોઈ નયનાબેન નવીનચંદ્ર તે છોટુભાઈની પુત્રીના હિસ્સા પ્રાપ્ત થયેલ અને તે રીતે પણ તેઓ સદર મિલકતમાં સ્વતંત્રપણે હિસ્સા ધરાવતા હતા.

તેઓના પિતા અરવિંદભાઈ છોટુભાઈના અવસાન સમયે તેઓના નામે વલસાડ મુકામે એમ.જી. રોડ, મોટા બજાર નજીક આવેલ શ્રીજી એપાર્ટમેન્ટમાં જે ફ્લેટ ચાલી આવેલ તે હાલે વાદીના કબજામાં છે તેમજ કૈલાશ રોડ, વલસાડ ખાતે આવેલ માનસરોવર બિલ્ડીંગમાં ચાલી આવેલ ફ્લેટ પણ વાદીના કબજામાં છે. તેઓના પિતાના નામે બેંકમાં ફિક્સ ડીપોઝીટ અંદાજે રૂા.૧૦,૦૦,૦૦૦/- જેટલી રકમની ચાલી આવી હતી. તે ફીક્સ ડીપોઝીટ અસલ તેમના પિતાના અવસાન બાદ વાદીના અને તેમના માતૃશ્રીના કબજામાં ચાલી આવેલ તે અંગે વાદીએ શું વ્યવસ્થા કરેલ તે અંગે તેઓને કોઈ જાણ નથી. ઉપરોક્ત વિગતે વાદીએ પિતાની મિલકતમાંથી ઘણી મોટી રકમ આ પ્રકારે મેળવેલ છે જેનો હિસાબ વાદી તરફથી આપવામાં આવેલ નથી.

ત્યારબાદ વાદી તરફેની ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વાદી આશિષભાઈ તેમના નાનાભાઈ થાય છે. આશિષભાઈએ હાલનો દાવો મિલકત બાબતે કરેલ છે. હાલનો દાવો કલવાડા ગામે આવેલ મિલકત બાબતે કરેલ છે. તેઓએ વાદીની દાવા અરજી વાંચેલ છે. વાદીએ હાલના દાવામાં શું દાદ માંગેલ છે તે તેમને યાદ નથી. દાવાના કામે તેઓએ કોઈ જવાબ રજૂ કરેલ નથી. હાલનો દાવો કલવાડા ગામની જે જમીન માટે કરવામાં આવેલ તે તેમના માનવા મુજબ બીનખેતીની જમીન છે. તેમને દાવાવાળી જમીનનો સર્વે નંબર યાદ નથી. દાવાવાળી જમીન મૂળ તેમના પિતાએ વેચાણ રાખેલ. સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓની સરતપાસમાં દાવાવાળી જમીન તેઓના દાદા છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈનાઓએ ખરીદેલ હોવાનુ જણાવેલ છે. છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈના કાયદેસરના વારસમાં તેઓના પિતા અરવિંદભાઈ છોટુભાઈ દેસાઇ, તેઓના કાકા મનુભાઈ છોટુભાઈ દેસાઈ તથા તેઓના ફોઈ નીરૂબેન નવીનભાઈ દેસાઈ છે.

પ્રશ્ન – તમારા દાદાએ ખરીદિલ જમીન ખેતીની હતી?

જવાબ – દાવાવાળી જમીનમાં અગાઉ મકાન આવેલ હતુ હાલની પરિસ્થિતિ મને ખબર નથી.

વધુમાં, સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે તેમની સરતપાસમાં જે વીલનો

ઉલ્લેખ કરેલ છે તે વીલ તેઓએ આ કામે રજૂ કરેલ નથી. તેમની સરતપાસમાં જણાવેલ બેંકની રૂપિયા દસ લાખની ફીક્સ ડીપોઝીટ બાબતનો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ કરેલ નથી. તેઓ સને–૧૯૯૫ થી તેઓના માતા પિતાથી અલગ રહેતા આવેલ છે. વાદી આશિષભાઈ તેઓના માતા પિતા સાથે રહેતા હતા. વડીલોપાર્જીત મિલકતમાં તેઓ તથા તેઓના ભાઈ બહેન વચ્ચે કોઇ વહેંચણી થયેલ નથી.

પ્રશ્ન – દાવાવાળી મિલકત બાબતે વાદીએ હાલનો વહેંચણીનો દાવો યોગ્ય રીતે કરેલ છે?

જવાબ – આ બાબતે નામદાર કોર્ટ જે નિર્ણય આપે તે યોગ્ય હશે.

તે સિવાયના સવાલોના ડીનાયલ સ્વરૂપે નકારમાં જવાબ આપેલ છે.

(૧૧) આ કામે રજૂ થયેલ તમામ પુરાવા અને વિ. વકીલશ્રીની દલીલોનુ મૂલ્યાંકન કરતા વાદીએ સર્વપ્રથમ એ હકીકત પુરવાર કરવાની છે કે દાવાવાળી મિલકત વડીલોપાર્જીત છે કે કેમ? તે અનુસંધાને રેકર્ડ પરનો પુરવો જોવામાં આવે તો વાદી તરફે આંક–૧૪૨થી સરતાપાસનુ સોગંદનામું રજૂ થયેલ છે. જેની વિગતો જોતાં મોજે ગામ કલવાડા, તા.જી.વલસાડ મુકામે મૂળ સર્વે નંબરો ૮૭/૧, ૮૭/૩, ૧૩૭/૨, ૧૪૧/૧, ૧૪૧/૨, ૧૪૧/૩, ૧૪૬/૨/બ, ૧૪૬/૩, ૧૪૬/૪, ૧૪૬/૫ વાળી ખેતી વિષયક જમીનો વાદીના દાદા નામે છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈના એકલાના નામે સને ૧૯૭૪ ના વર્ષ અગાઉ રેકર્ડ દફતરે ચાલતી હતી. આ તમામ ખેતી વિષયક જમીનોનું એકત્રીકરણ સને ૧૯૭૪ ના વર્ષમાં થતા આ તમામ જમીનોના નવા બ્લોક નંબર આપવામાં આવેલા કે જે ૧૮૭, ૧૪૪, ૨૯૭, ૩૦૫ છે. આ તમામ હકીકતોની નોંધ જમીનના રેકર્ડ દફતરે તા.૧૬.૦૧.૧૯૭૪ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૨૨૧૨ માં જણાવવામાં આવી છે. આ ફેરફાર નોંધ નં.૨૨૧૨ સક્ષમ મહેસૂલ અધિકારીએ કાયદેસર રીતે મંજૂર કરેલી હતી. જે આંક–૧૫૪ થી રજૂ ગામ નમૂના નં.૬ ના હક્ક પત્રક પરથી ફલિત થાય છે.

વાદીના દાદા છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈનું તા.૦૭.૦૩.૧૯૮૩ ના રોજ અવસાન થતાં આ તમામ બ્લોક નંબરવાળી જમીનોમાં વાદીના દાદાના બે પુત્રો નામે (૧) મનુભાઈ છોટુભાઈ દેસાઈ (૨) અરવિંદભાઈ છોટુભાઈ દેસાઈ અને એક પુત્રી નીરૂબેન છોટુભાઈ દેસાઈના નામો કાયદેસરના વારસદારો તરીકે તા.૨૩.૦૫.૧૯૮૩ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૩૧૭૧ થી દાખલ કરવામાં આવેલા હતા અને છે. આ ફેરફાર નોંધ નં.૩૧૭૧ સક્ષમ મહેસૂલ અધિકારીએ તા.૨૬.૦૭.૧૯૮૩ ના રોજ કાયદેસર રીતે મંજૂર કરેલી હતી અને છે. જે આંક–૧૫૫ થી રજૂ ગામ નમૂના નં.૬ ના હક્ક પત્રક પરથી ફલિત થાય છે.

ત્યારબાદ વાદીના ફોઈ નીરૂબેન છોટુભાઈ દેસાઈનું તા.૨૮.૧૦.૧૯૮૬ ના રોજ અવસાન થતા ઉપરોક્ત જણાવેલ જમીનોના રેકર્ડ દફતરે તેમનુ નામ તા.૦૭.૦૧.૧૯૯૮ ના રોજ પાડવામાં

આવેલ ફેરફાર નોંધ નં.૪૨૭૪ થી કમી કરવામાં આવેલું અને તેમના કાયદેસરના વારસદાર તરીકે વાદીના પિતરાઈ ભાઈ હેમંતભાઈ નવીનભાઈ દેસાઈ તથા વાદીના પિતરાઈ બહેન (૧) રીટાબેન વિજયભાઈ દેસાઇ, (૨)દક્ષાબેન મુકેશભાઈ વશી, (૩) બીનાબેન દેવાંગભાઈ દેસાઈના નામો દાખલ કરવામાં આવેલ હતા અને છે. આ ફેરફાર નોંધ નં.૪૨૭૪ સક્ષમ મહેસૂલ અધિકારીએ તા.૧૫.૧૦.૧૯૯૮ ના રોજ કાયદેસર રીતે પ્રમાણિત કરેલી હતી અને છે. જે આંક–૧૫૬ થી રજૂ ગામ નમૂના નં.૬ ના હક્ક પત્રક પરથી ફલિત થાય છે.

ત્યારબાદ વાદીની ત્રણ પિતરાઈ બહેનોએ ઉપરોક્ત જમીનોમાંથી પોતાનો હક્ક અને હિસ્સો ઉઠાવી લેતા ઉપરોક્ત જમીનોના રેકર્ડ દફતરે તેમના નામો તા.૧૩.૦૭.૧૯૯૮ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૪૨૭૫ થી કમી કરવામાં આવેલ. આ ફેરફાર નોંધ નં.૪૨૭૫ સક્ષમ મહેસૂલ અધિકારીએ તા.૧૫.૧૦.૧૯૯૮ ના રોજ કાયદેસર રીતે પ્રમાણિત કરેલી હતી અને છે. જે આંક–૧૫૭ થી રજૂ ગામ નમૂના નં.૬ ના હક્ક પત્રક પરથી ફલિત થાય છે.

ત્યારબાદ ઉપરોક્ત તમામ જમીનોના રેકર્ડ દફતરે પ્રતિવાદી નં.૧ તથા વાદીના કાકા તથા હેમંતભાઈના નામો રહેલા. જેથી પ્રતિવાદી નં.૧ તથા વાદીના કાકાએ ઉપરોક્ત તમામ જમીનોની વહેંચણી કરેલી. આ વહેંચણી મુજબ પ્રતિવાદી નં.૧ તથા વાદીના કાકા મનુભાઈ છોટુભાઈ દેસાઈ ના નામે બ્લોક સર્વે નં.૧૮૭, ૧૪૪ અને ૩૦૫ વાળી ખેતી વિષયક જમીનો આવેલી અને વાદીના પિતરાઈ ભાઈ હેમંતભાઈ નવીનભાઈ દેસાઈના નામે બ્લોક સર્વે નં.૨૯૭ વાળી જમીન ગયેલી. આ તમામ હકીકતોની નોંધ આ તમામ જમીનોના રેકર્ડ દફતરે તા.૧૪.૦૭.૧૯૯૮ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૪૨૭૬ માં જણાવી છે. આ ફેરફાર નોંધ નં.૪૨૭૬ સક્ષમ મહેસૂલ અધિકારી એ તા.૧૫.૧૦.૧૯૯૮ ના રોજ કાયદેસર રીતે પ્રમાણિત કરેલી હતી અને છે. જે આંક–૧૫૮ થી રજૂ ગામ નમૂના નં.૬ ના હક્ક પત્રક પરથી ફલિત થાય છે.

ત્યારબાદ વાદીના કાકા મનુભાઈ છોટુભાઈ દેસાઈએ તેમના તથા પ્રતિવાદી નં.૧ ના સંયુક્ત હિસ્સે સહ માલિકો તરીકે આવેલ બ્લોક નં.૧૮૭, ૧૪૪, ૩૦૫ વાળી જમીનોમાંથી પોતાનો હક્ક, હિસ્સો ઉઠાવી લેતાં આ તમામ જમીનોના રેકર્ડ દફતરે પ્રતિવાદી નં.૧ નું નામ ચાલુ રહેલુ. આ હકીકતની નોંધ આ જમીનોના રેકર્ડ દફતર તા.૧૪.૦૭.૧૯૯૮ ના રોજ પાડવામાં આવેલ ફેરફાર નોંધ નં.૪૨૭૭ માં કરવામાં આવી છે. આ ફેરફાર નોંધ નં.૪૨૭૭ સક્ષમ મહેસૂલ અધિકારીએ કાયદેસર રીતે પ્રમાણિત કરેલી હતી અને છે. જે આંક–૧૫૯ થી રજૂ ગામ નમૂના નં.૬ ના હક્ક પત્રક પરથી ફલિત થાય છે.

ઉપર જણાવેલ તમામ વિગતો જોતાં બ્લોક નં.૧૮૭, ૧૪૪ અને ૩૦૫ વાળી જમીનોમાં પ્રતિવાદી નં.૧ નાનો વારસાઈ હક્ક દાખલ થયેલ હતો અને છે. તે સ્પષ્ટ છે. વિશેષ્ટા આ તમામ જમીનો વડીલોપાર્જીત હતી અને છે તે પણ સ્પષ્ટ છે. વાદીના મર્હુમ દાદા છોટુભાઈ લલ્લુભાઈ

દેસાઈના કાયદેસરના પુત્ર તરીકે આ જમીનોમાં વાદીનો વણ વહેંચાયેલો હક્ક હિસ્સો ચાલી આવેલો છે.

ઉપરોક્ત વાદી તરફેનો પુરાવો જોતાં દાવાવાળી મિલકતો કે જે તેઓના દાદા છોટુભાઈ લલ્લુભાઈ દેસાઈની સ્વપાર્જીત મિલકત હતી. તેમાં વાદીના પિતા, કાકા તથા ફોઈની વચ્ચે વહેંચણી થઈ ગયેલ છે અને તે બાબતે વાદીની પ્રતિવાદી નં.૧ નાઓ તરફેની ઉલટતપાસ જોતાં વાદીએ ઉલટતપાસમાં એ હકીકત સ્વિકારેલ છે કે તેઓના દાદા છોટુભાઈ પાસેથી મિલકત મળ્યા બાદ તેઓના પિતા, ફોઈ તથા કાકા વચ્ચે અંદરો અંદર વહેંચણી થયેલ. વાદી એ હકીકત સ્વીકારે છે કે, તેઓના પિતાએ રજૂ કરેલ જવાબમાં મનુભાઈ છોટુભાઈ તથા નિરૂબેન છોટુભાઈ દેસાઈના પુત્ર હેમંતભાઈ નવીનભાઈનાઓને મળેલ મિલકતોમાંથી તેમણે તેઓના પિતાના લાભમાં હક્ક જતો કરેલ હોવાનુ જણાવેલ છે. વાદી એ હકીકત પણ સ્વીકારે છે કે, મનુભાઈ, નીરૂબેન તથા હેમંતભાઈને મળેલ કુલ ૬૬ ટકા હિસ્સો તેઓના પિતાએ પ્રાપ્ત કરેલ હતો, તેઓના પિતાને મળેલ મિલકતો બાબતે સ્વતંત્ર રીતે વહીવટ કરવા માટે તેઓના પિતા હક્કદાર હતા, દાવાવાળી મિલકતમાં તેમને જન્મથી હક્ક મળેલ હોવાનુ દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો તેઓએ મેળવી આ કામે રજૂ કરેલ નથી. આમ, સદર દાવાવાળી મિલકતોની વાદીના દાદાના કાયદેસરના વારસો વચ્ચે વહેંચણી થઈ ગયેલ છે અને તે વહેંચણીની હકીકત વાદીએ પોતે પણ સ્વિકારેલ છે ત્યારે જે દિવસથી સદર દાવાવાળી મિલક્તોની વહેંચણી થઈ તે દિવસથી તે મિલકતો વણવહેંચાયેલી વડીલોપાર્જીત મિલકત હોવાનુ કહી શકાય નહિ. વળી, આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટના નીચે જણાવેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે.

Kale V/s Deputy Director of Consolidation (1976) 3 **SCC** 119,

The Hon'ble Apex Court has stated that family settlement is compromise or adjustment or conflicting claims or rights between family members. It is not a contract, but rather a settlement of claims and rights. Consideration unlike contract, family settlement do not require consideration. It must be voluntary and mutually beneficial. Normaly, the Court has to accept binding effect of family settlement.

ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત હાથ પરના કિસ્સામાં લાગુ પાડતા આ કામે વાદીના ગુજરનાર દાદા છોટુભાઈ દેસાઈની મિલક્તની તેના કાયદેસરના વારસો વચ્ચે વહેંચણી થઈ ગયેલ છે અને તે વહેંચણી વાદી પણ માનીને જ ચાલે છે અને ફેમીલી સેટલમેન્ટ સામાન્ય રીતે કોર્ટે માન્ય રાખવુ જોઈએ તે જોતાં પણ વાદીના દાદાની સ્વપાર્જીત મિલક્ત વહેંચણી થવાથી વડીલોપાર્જીત રહેતી નથી.

વધુમાં બીજી રીતે જોઇએ તો વાદી હાલનો દાવો તેઓના દાદાની સ્વપાર્જીત મિલકતમાં તેઓનો હક્ક અધિકાર હોઇ પ્રતિવાદી નં.૧ નાઓ એટલે કે તેઓના પિતાજીએ દાવાવાળી મિલકતના કરેલ વેચાણ દસ્તાવેજોને રદ કરાવવા માટે લઇને આવેલ છે. પરંતુ રેકર્ડ જોતાં વાદીના દાદા છોટુભાઇ લલ્લુભાઇ દેસાઇ તા.૦૭/૦૩/૧૯૮૩ના રોજ ગુજરી ગયેલ છે અને તેઓએ પોતાની સ્વપાર્જીત મિલકત અંગે કોઇ વસિયતનામુ બનાવેલ હોવાનુ આ કામે પુરવાર થયેલ નથી. તે સંજોગોમાં બિનવસીયતી ગુજરનાર પુરૂષની મિલકતની વહેંચણી તેના વારસો વચ્ચે કઇ રીતે થાય તે અંગે હિન્દુ સકસેશન એક્ટની ક.૮ ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી બને છે. તે જોતાં–

કલમ–૮: પુરુષોની બાબતમાં વારસા હક્કના સામાન્ય નિયમો–

મૃત્યુ પામેલા બિનવસીયતી હિંદુ પુરુષની મિલકત, આ પ્રકરણની જોગવાઇઓ અનુસાર નીચેના ક્રમમાં પ્રાપ્ત થશે.

(ક) પ્રથમ : અનુસૂચિના વર્ગ–૧ નિર્દિષ્ટ કરેલુ સગપણ ધરાવતા વારસોને,

(ખ) બીજા ક્રમે : પહેલા વર્ગનો કોઇપણ વારસ ન હોય તો અનુસૂચિના બીજા વર્ગમાં નિર્દિષ્ટ કરેલુ સગપણ ધરાવતા વારસોને,

(ગ) ત્રીજા ક્રમે : જો એ બેમાંથી કોઇપણ વર્ગનો વારસ ન હોય તો મર્હૂમના ગોત્રજને,

(ઘ) અંતમાં : જો કોઇપણ ગોત્રજ ન હોય તો મરહૂમના બંધુને.

ઉપરોક્ત જોગવાઇ નજર સમક્ષ રાખી હાથ પરના કિસ્સામાં જોવામાં આવે તો હિન્દુ સકસેશન એક્ટ સને ૧૯૫૬ માં અમલમાં આવ્યો છે અને ત્યારબાદ બિનવસીયતી ગુજરનાર હિન્દુ પુરૂષની મિલકત તેના વારસો વચ્ચે ક.૮ માં જણાવ્યા મુજબ વહેંચાય છે. તે મુજબ વાદીના દાદા પણ હાલનો હિન્દુ સકસેશન એક્ટ અમલમાં આવ્યો ત્યારબાદ તા.૦૭/૦૩/૧૯૮૩ ના રોજ ગુજરી ગયેલ છે અને તેઓ ગુજરી ગયા ત્યારે તેમના હયાત વારસો તરીકે દાવાવાળી મિલકતોના રેવન્યુ રેકર્ડે વાદીના પિતા એટલે કે પ્રતિવાદી નં.૧ અરવિંદભાઇ છોટુભાઇ દેસાઇ, તેમના ભાઇ મનુભાઇ છોટુભાઇ દેસાઇ તથા તેઓના બહેન નીરૂબેન છોટુભાઇ દેસાઇના નામો કાયદેસરના વારસદારો તરીકે દાખલ થયેલ છે અને હિન્દુ સકસેશન એક્ટની ક.૮ મુજબ અનુસૂચિના વર્ગ–૧ મુજબના વારસો જોવામાં આવે તો તેમાં બિનવસીયતી મરણ જનાર પુરૂષના હયાત પુત્રના પુત્ર એટલે કે પૌત્રનો સમાવેશ થતો નથી. જેથી તે રીતે જોતાં પણ જયાં સુધી પ્રતિવાદી નં.૧ એટલે કે વાદીના પિતાજી હયાત હોય ત્યાં સુધી વાદી વર્ગ–૧ ના વારસમાં આવે નહિ. જેથી તેઓનો તેમના દાદાની મિલકતમાં પ્રતિવાદી નં.૧ની હયાતીમાં કોઇ વારસાઇ હક્ક રહે નહિ.

વધુમાં આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટના નીચે દર્શાવેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત પણ ધ્યાને લેવો જરૂરી છે. તે જોતાં –Uttam Vs. Saubhag Singh and ors., AIR 2016

Supreme Court 1169 ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પેરા નં.૪ માં નોંધ્યુ છે કે,

4. Following the same line of reasoning and several judgments of this Court, the High Court in second Appeal dismissed the said appeal, holding:-

> "15. Thus in view of the provisions contained in Section 4, 6, 8 and Schedule of the Act as well as the law settled by the aforesaid judgments, **it is clear that after coming into force of the Act grand-son has no birth right in the properties of grand-father** and he cannot claim partition during lifetime of his father."

આમ, ઉપરોક્ત ચુકાદામાં જણાવ્યા મુજબ પણ હિન્દુ સકસેશન એક્ટ-૧૯૫૬ અમલમાં આવ્યા પછી દાદાની મિલકતમાં પૌત્રનો જન્મથી જ કોઇ અધિકાર રહેતો નથી. તે તમામ સંજોગોમાં ઉપર ચર્ચા કરી તેમ દાવાવાળી મિલકત વડીલોપાર્જીત મિલકત હોવાનુ પુરવાર થતુ નથી અને તેમાં પ્રતિવાદી નં.૧ ની હયાતી દરમિયાન વાદીનો કોઇ હક્ક ઉભો થતો નથી. જેથી વાદીના દાદાના અવસાન બાદ તેમના કાયદેસરના વારસો વચ્ચે થયેલ વહેંચણી મુજબ છેલ્લે દાવાવાળી મિલકતોમાંથી સર્વે નં.૧૮૭, ૧૪૪ તથા ૩૦૫ વાળી મિલકતો પ્રતિવાદી નં.૧ એટલે કે વાદીના પિતાના હિસ્સામાં આવેલ છે અને વહેંચણી પછી સદર મિલકતો અંગે પ્રતિવાદી નં.૧ નાઓ પોતાની ઇચ્છા મુજબ મિલકતો અંગે વ્યવહાર કરી શકે છે. જેથી પ્રતિવાદી નં.૧ ને એકલાને દાવાવાળી મિલક્તો અંગે કાર્યવાહી કરવા હક્ક અધિકાર ન હોવાનુ વાદી પુરવાર કરી શકેલ નથી. તે સંજોગોમાં પ્રતિવાદી નં.૧ નાઓએ દાવાવાળી મિલક્તો બાબતે કરેલ વેચાણ વ્યવહાર ખોટા, ગેરકાયદેસરના કે રદ થવાને પાત્ર હોવાનુ ફલિત થતુ નથી. જેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ તે મુજબ નકારમાં ઠરાવુ છું.

મુદ્દા નંબર :: ૪

(૧૨) વાદીનો દાવો સમયમર્યાદામાં કરવામાં આવેલ છે કે કેમ તે બાબતે જોતાં વાદીએ દાવાઅરજીમાં પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૪,૫ ને કરી આપેલ તા.૧૫/૦૩/૨૦૦૧ નો રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૯૦, પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૬,૭ ને કરી આપેલ તા.૦૪/૧૨/૨૦૦૭ નો રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૧૭૧, પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૬ થી ૧૩નાઓને કરી આપેલ તા.૧૭/૦૫/૨૦૧૨ નો રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૬૧૨, પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૧૪,૧૫ ને કરી આપેલ તા.૧૧/૦૭/૨૦૧૨નો રજી. વેચાણ દસ્તાવેજ નં.૩૫૬૨ તથા પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૧૪,૧૫ ને કરી આપેલ તા.૧૧/૦૭/૨૦૧૨ નો રજી. વેચાણ દસ્તાવેજ નં.૩૫૬૩ નો રદ કરાવવા માટે હાલનો દાવો કરેલ છે. તે મુજબ જોતાં

પ્રતિવાદી તરફે માત્ર આંક–૧૭૪ થી પ્રતિવાદી નં.૧૬,૧૭ ની તરફેણમાં કરી આપેલ વેચાણ દસ્તાવેજની સર્ટીફાઇડ નકલ રજૂ કરેલ છે. તે સિવાય બાકીના વેચાણ દસ્તાવેજો અંગેના કોઇ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી. વાદી તરફેનો મૌખિક પુરાવો જોતાં પ્રતિવાદી નં.૧નાએ કરેલ તા.૧૫/૦૩/૨૦૦૧ ના રોજનો રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૯૦ તથા તા.૦૪/૧૨/૨૦૦૭ ના રોજનો કરેલ રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૧૭૧ ના વેચાણ વ્યવહારની તારીખો જોતાં સને ૨૦૦૧ અને સને ૨૦૦૭ ની છે. ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ–૩ મુજબ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નુ જે દિવસે રજીસ્ટ્રેશન થાય તે દિવસથી જ જાહેર જનતાને તેની કન્સ્ટ્રકટીવ નોટીસ છે તેમ ગણાય એટલે કે હાલના કામે પણ પ્રતિવાદી નં.૧ એટલે કે વાદીના પિતાએ કરેલ તા.૧૫/૦૩/૨૦૦૧ ના રોજનો રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૯૦ તથા તા.૦૪/૧૨/૨૦૦૭ ના રોજનો કરેલ રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૧૭૧ ની જાણ જે તે દસ્તાવેજની તારીખથી વાદીને થયેલ હતી. તેવુ માની શકાય. જેથી તેઓએ સદર વેચાણ દસ્તાવેજ રદ કરવાનો દાવો ત્યારથી ૩ વર્ષમાં લાવવો જોઇએ. પરંતુ હાલનો દાવો તા.૧૧/૧૦/૨૦૧૨ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. એટલે કે વેચાણ દસ્તાવેજ નં.૫૯૦ થયાના આશરે સાડા અગિયાર વર્ષ પછી અને વેચાણ દસ્તાવેજ નં.૫૧૭૧ થયાના આશરે સાડા ચાર વર્ષ પછી હાલનો દાવો લાવવામાં આવેલ છે. જેથી વાદીના દાવાને સ્પષ્ટ રીતે સમયમર્યાદાનો બાધ નડતો હોવાનુ ફલિત થાય છે. વળી, દાવાવાળી મિલકતો વાદીના પિતા પાસે હતી અને વાદીના કથન મુજબ તેઓ સને ૨૦૦૧ થી હરિધ્વાર મુકામે નોકરી કરવા માટે ગયા હતા. પરંતુ સ્વાભાવિક છે કે તેઓ ૨૦૦૧ થી ૨૦૧૦ દરમિયાન તેઓના પિતાના ઘરે આવતા જતા હોય અને તેઓના પિતા દાવાવાળી મિલકતો બાબતે શું વ્યવહાર કરે છે તે તેઓના ધ્યાનમાં હોય અથવા તો વ્યાજબી ખંત રાખી તે વિશે માહિતગાર થઇ શકે. આવો કોઇ પ્રયત્ન વાદી તરફે કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પરનો પુરાવો જોતાં ફલિત થતી નથી. આમ, તે રીતે જોતાં પણ વાદીએ પોતાના હક્કો વિશે પૂરતી જાગરૂકતા, ખંત દાખવી યોગ્ય સમયે જરૂરી કાર્યવાહી કરેલ નથી. જેથી પ્રતિવાદી નં.૧ ધ્વારા કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ નં.૫૯૦ અને વેચાણ દસ્તાવેજ નં.૫૧૭૧ ને રદ કરાવવા માટેની જે દાદ માંગેલ છે તે સમયમર્યાદા બહારની છે. તે સંજોગોમાં વાદીનો દાવો સમયમર્યાદામાં કરવામાં આવેલ નથી તેવુ ફલિત થાય છે. જેથી મુદ્દા નં.૪ નો જવાબ નકારમાં ઠરાવુ છું.

<u>મુદ્દા નંબર :: ૫</u>

(૧૩) વધુમાં વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે કે કેમ તે માટે રેકર્ડ જોતાં વાદી તરફે પ્રતિવાદી નં.૧નાઓ ધ્વારા દાવાવાળી મિલકત જે વ્યક્તિઓને વેચાણ આપી છે તેઓને

પ્રતિવાદી તરીકે, પ્રતિવાદી નં.૨ તરીકે પોતાના ભાઇ અને પ્રતિવાદી નં.૩ તરીકે પોતાની બહેન જોડેલ છે. તે સિવાય સદર દાવાના કામે વાદીએ માંગેલ દાદથી અન્ય કોઇ વ્યક્તિઓના મિલકતના અધિકારોને અસર થતી હોય તેવુ જણાતુ નથી. તે સંજોગોમાં મુદ્દા નં.૫ નો જવાબ નકારમાં ઠરાવુ છું.

<u>મુદ્દા નંબર :: ૬</u>

(૧૪) પ્રતિવાદી નં.૪ થી ૧૭ નાઓ ધ્વારા આ કામે કોઇ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ દાવાવાળી મિલકતની માલિકી પ્રતિવાદી નં.૧નાઓની હોવાનુ ફલિત થયેલ છે તે સંજોગોમાં સદરહુ મિલકતો ખરીદ કરનાર પ્રતિવાદી નં.૪ થી ૧૭ નાઓ બોનાફાઇડ પરચેઝર હોવાનુ ફલિત થાય છે. જેથી મુદ્દા નં.૬ નો જવાબ હકારમાં ઠરાવુ છું.

<u>મુદ્દા નંબર :: ૭</u>

(૧૫) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, દાવાવાળી મિલક્તો વડીલોપાર્જીત હોવાનુ કે દાવાવાળી મિલકતો સંબંધે પ્રતિવાદી નં.૧ નાને દાવાવાળી મિલકતો અંગે કોઇ વ્યવહાર કરવાનો અધિકાર ન હોવાનુ કે તેઓએ દાવાવાળી મિલકતો અંગે કરેલ વ્યવહારો ગેરકાયદેસરના હોવાનુ વાદી પુરવાર કરી શકેલ નથી. વધુમાં, વાદી ધ્વારા જે વેચાણ દસ્તાવેજો રદ કરાવવા માટે દાદ માંગેલ છે. તેમાંથી પ્રતિવાદી નં.૧નાએ કરેલ તા.૧૫/૦૩/૨૦૦૧ ના રોજનો રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૯૦ તથા તા.૦૪/૧૨/૨૦૦૭ ના રોજનો રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૧૭૧ માટે વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે. વધુમાં, વાદી તરફે રેવન્યુ રેકર્ડે પડેલ નોંધ નં.૪૪૫૬, ૫૩૦૪, ૫૪૬૭, ૫૪૬૩, ૫૪૬૪ ની વાદીને બંધનકર્તા નથી તેવી જાહેરાત માટેની દાદ માંગેલ છે. જે તેઓને મળવાપાત્ર છે કે કેમ તે બાબતે સર્વપ્રથમ બોમ્બે રેવન્યુ જ્યુરીસડીક્શન એક્ટની કલમ–૧૧ ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

> **Section**–11:– No Civil Court shall entertain any suit against Government on account of any act or omission of any Revenue Officer unless the plaintiff first proves that previously to bringing his suit he had presented all such appeals allowed by the law for the time being in force as within the period of limitation allowed for bringing such a suit it was possible to present.

આમ, ઉપરોક્ત જોગવાઇ વંચાણે લેતાં રેવન્યુ ઓથોરીટીના હુકમથી નારાજ વ્યક્તિએ જે તે ઓથોરીટીના હુકમને અપીલ કે રીવીઝન ધ્વારા તેની હાયર ઓથોરીટીમાં ચેલેન્જ કરવો પડે અને જો નારાજ વ્યક્તિએ અપીલ કે રીવીઝનના પોતાના અધિકારોનો ઉપયોગ કર્યા સિવાય સિવિલ કોર્ટમાં દાવો કરેલ હોય અને તે અંગે કોઇ દાદ માંગેલ હોય તો તે ચાલવાપાત્ર નથી. આ કામે પ્રતિવાદી નં.૧ નાઓ ધ્વારા કરવામાં આવેલ જુદા જુદા વેચાણ વ્યવહારો બાદ રેવન્યુ રેકર્ડે પડેલ નોંધોને વાદી ધ્વારા સક્ષમ અધિકારી સમક્ષ પડકારવામાં આવેલ હોય તેવા કોઇ પુરાવા આ કામે રજૂ કરેલ નથી. આમ, તે હકીકત ધ્યાને લેતાં વાદીએ અત્રેની કોર્ટમાં દાવો દાખલ કર્યો તે સમયે કલમ–૧૧ મુજબ મળતી વૈકલ્પિક રાહતોનો ઉપયોગ કરેલ નથી કે જયારે ઉપરોક્ત કલમ–૧૧ મુજબ વાદીએ તેઓને પ્રાપ્ય હોય તેવા રીવીઝન કે અપીલના બધા જ વિકલ્પ વાપર્યા પછી સિવિલ કોર્ટમાં આવેલ હોવાનુ પુરવાર કરવુ પડે. તે સિવાય સિવિલ કોર્ટમાં દાવાને બાધ નડે છે. જેથી પણ વાદી જે દાદ માંગે છે તે મળવાપાત્ર નથી. તે તમામ સંજોગોમાં વાદી મુદ્દા નં.૧ થી ૩ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી, વાદીએ સમયમર્યાદામાં હાલનો દાવો દાખલ કરેલ ન હોઇ મુદ્દા નં.૪ નો જવાબ નકારમાં ઠરાવી, વાદી માંગ્યા મુજબની કોઇપણ દાદ મેળવવા હક્કદાર ઠરતા ન હોઇ મુદ્દા નં.૭ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૮ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

: : હુકમ : :

(૧) વાદીનો દાવો આથી નામંજૂર કરવામાં આવે છે.

(૨) હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૩) પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

હુકમ આજ તા.૨૦ મી, માહે :ઓગષ્ટ, સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વલસાડ
તા.૨૦/૦૮/૨૦૨૫

(સોનલકુંવરબા જસવંતસિંહ ચાવડા)
જજ કોડ જીજે૦૧૩૦૭
બીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ
વલસાડ